RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 212, Dt.25-11-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મહારાષ્ટ્રમાં મહાયુતીના ભવ્ય વિજયને આવકારતુ શેર બજાર

## પ્રારંભે સેન્સેક્સ ૧૩૦૫ તો નીફટી ૪૧૩ પોઈન્ટ અપ : રોકાણકારોમાં ઉત્સાહઃસપ્તાહના પ્રથમ દિવસે બજારમાં તેજી : તમામ સેકટર ગ્રીનઝોનમાં : અદાણી ગ્રુપના શેર્સ ઉછળ્યા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મહારાષ્ટ્રમાં ભાજપની જીતની મોટી અસર શેરબજાર પર જોવા મળી છે. મહારાષ્ટ્ર ચૂંટણીના પરિણામોથી ઉત્સાહિત રોકાણકારોએ સોમવારે બજાર પર વિશ્વાસ દર્શાવ્યો હતો. સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે શેરબજારની શરૂઆત જબરદસ્ત મજબૂતી સાથે થઈ છે. સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ ઈન્ડેક્સની સારી શરૂઆત સાથે બજારમાં આ તેજી ચાલુ રહેવાની ધારણા છે. મહારાષ્ટ્રમાં મહાયુતિની જીત અને રાજ્યમાં મજબૂત સરકારના કારણે રોકાણકારોમાં વિશ્વાસ વધ્યો છે. માર્કેટમાં પોઝિટિવ સેન્ટિમેન્ટના કારણે સેન્સેક્સ અને નિફ્ટી જબરદસ્ત વળદ્ધિ સાથે ખુલ્યા છે.

સોમવારે, સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે, બોમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શેરોવાળા સેન્સેક્સે તેના પાછલા બંધ ૭૯,૧૧૭.૧૧ ના સ્તરથી મજબૂત છલાંગ લગાવી અને ૮૦૦૦૦ ના સ્તરને પાર કરીને વેપાર શરૂ કર્યો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી. પણ ૨૪,૨૭૩ પોઈન્ટ પર ટ્રેડિંગ શરૂ કર્યું અને બિઝનેસ શરૂ કર્યો. દરમિયાન ફરી એકવાર સરકારી કંપનીઓના શેરમાં તોફાની ઉછાળો જોવા મળ્યો છે.

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે શેરબજારની શરૂઆત લીલા નિશાન પર થઈ હતી. સેન્સેક્સ-નિફ્ટી બંને સૂચકાંક મજબૂત ઉછાળા સાથે ખુલ્યા છે. ઈજઊ સેન્સેક્સ ૧૩૦૫ પોઈન્ટ ઉછળીને ૮૦૦૦૦ ની ઉપર ખુલ્યો અને થોડીવારમાં ૮૦,૪૨૩ ના આંકડાને સ્પર્શી ગયો, જ્યારે ગજઊ નિફ્ટીએ પણ ૪૧૩પોઈન્ટથી વધુના ઉછાળા સાથે ટ્રેડિંગ શરૂ કર્યું અને ૨૪૩૨૧ ના સ્તરે ટ્રેડિંગ જોવા મળ્યું. બજારમાં તેજીના સંકેતો પહેલાથી જ દેખાઈ રહ્યા હતા, પ્રી-ઓપન સેશનમાં જ સેન્સેક્સ ૯૦૦ પોઈન્ટથી વધુના ઉછાળા સાથે ટ્રેડ થતો જોવા મળ્યો હતો અને જ્યારે બજાર ખુલ્યું ત્યારે આવો જ ઉછાળો જોવા મળ્યો હતો. આ



સિવાય એશિયન બજારોમાં જબરદસ્ત વળદ્ધિ જોવા મળી રહી હતી અને જાપાન નિક્કીથી કોસ્પી ઈન્ડેક્સ ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે ગિફ્ટ નિફ્ટીમાં ૫૦૦ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો.આ લખાય છે ત્યારે સેન્સેક્સ ૧૧૩૫ વધીને ૮૦૨૫૨ અને નિફ્ટી ૩૭૨ વધીને ૨૪૨૭૯ ઉપર છે.

સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે શેરબજારમાં તોફાની ઉછાળો જોવા મળ્યો હતો. મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો પહેલા, બોમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શેરવાળા સેન્સેક્સમાં ૨૦૦૦ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી લગભગ ૬૦૦ પોઈન્ટ ઉછળ્યો હતો. બજારમાં કારોબારના અંત સુધીમાં, આ ગતિ થોડી ધીમી પડી ગઈ હતી, પરંતુ તેમ છતાં, ઈજઊ સેન્સેક્સ ૧૯૬૧.૩૨ પોઈન્ટ્સ અથવા ૨.૫૪ ટકાના વધારા સાથે ૭૯,૧૧૭.૧૧ ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ગજઊ નો નિફ્ટી ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયો હતો. ૫૫૭.૩૫ પોઈન્ટ અથવા ૨.૩૯ ટકા વધીને ૨૩,૯૦૭.૨૫ ના સ્તરે બંધ રહ્યો હતો. ગયા અઠવાડિયે, યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અને જઊઈ દ્વારા કથિત લાંચના આરોપોને કારણે, ભારતીય અબજોપતિ ગૌતમ અદાણીની કંપનીઓના શેર પર નકારાત્મક અસર જોવા મળી હતી. પરંતુ સપ્તાહના પ્રથમ દિવસે ટેબલો સંપૂર્ણપણે પલટાઈ ગયા હતા અને શેરબજારમાં લિસ્ટેડ ગૌતમ અદાણીની તમામ કંપનીઓના શેરોમાં તોફાની ઉછાળો જોવા મળ્યો હતો. અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝનો શેર ૨.૧૨% વધીને રૂ. ૨,૨૭૬.૮૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. આ સિવાય અદાણી એનર્જી સોલ્યુશન્સનો શેર ૪.૭૧%ના વધારા સાથે રૂ. ૬૭૯.૫૦ પર ટ્રેડ કરી રહ્યો હતો.

# પહેલીવાર બે એશિયાનાં ખેલાડીઓ ચેસ ટાઈટલ માટે સામસામે

**મુખ્ય સમાચાર, સિંગાપોર**




ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશ પર અપેક્ષાઓનું ભારણ ઓછું છે અને સોમવારથી અહીં શરૂ થઈ રહેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં જ્યારે તેનો સામનો ચીનનાં ડિંગ લિરેન સામે થશે, ત્યારે તેનું લક્ષ્ય વિશ્વનાથન આનંદ પછી આ પ્રતિષ્ઠિત ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બનવાનું રહેશે.

મોટાભાગનાં ચેસ જગતનાં લોકો ગુકેશનું સમર્થન કરી રહ્યાં છે કારણ કે ૧૮ વર્ષીય ભારતીય ખેલાડીએ ચેમ્પિયન બનવા માટે ધીરજ બતાવી છે પણ હવે આ પખવાડિયા લાંબી ટુર્નામેન્ટ દરમિયાન તે દબાણને કેવી રીતે હેન્ડલ કરે છે તે જોવાનું રહેશે .

લિરેને ૨૦૨૩ માં રશિયાનાં ઈયાન નેપોમ્નિઆચીને હરાવી વર્લ્ડ ચેમ્પિયનનો તાજ પહેર્યો હતો, પરંતુ ત્યારથી ચીનનો ખેલાડી પણ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાઈ રહ્યો છે. તેણે છેલ્લાં એક વર્ષમાં ગુકેશ કરતાં ઘણું વધારે રમ્યું છે.

આંકડા ગુકેશની તરફેણમાં છે જેણે ગયાં નવેમ્બરથી ૨૭૯૪ ના સર્વોચ્ચ રેટિંગ સાથે ૧૩૭ રેટિંગ પોઈન્ટ્સ મેળવ્યાં છે જ્યારે લિરેન એ જ સમયગાળામાં ૫૨ પોઈન્ટ્સ ગુમાવ્યાં છે. બરાબર છ વર્ષ પહેલાં, લિરેન, જે ૨૮૧૬ પોઈન્ટ્સ સાથે વિશ્વનાં બીજા ક્રમની સૌથી વધુ રેટિંગ ધરાવતો ખેલાડી હતો, તે હવે યાદીમાં ૨૩મા ક્રમે છે.

ચીનનો આ ખેલાડી એકમાત્ર ડિફેન્ડિંગ વર્લ્ડ ચેમ્પિયન છે જે છેલ્લાં કેટલાક દાયકાઓમાં ટોપ-૧૦ માંથી બહાર થઈ ગયો છે. ગુકેશ લિરેન સામે અત્યાર સુધી કોઈ ક્લાસિકલ મેચ જીતી શક્યો નથી જ્યારે ચીનનાં ખેલાડીએ ભારતીય ખેલાડી સામે ત્રણમાંથી બે મેચ જીતી છે જ્યારે એક મેચ ડ્રો રહી હતી.

# પ્રયાગરાજમાં મહાકુંભ મેળા માટે તૈયારીઓ શરૂ

**મુખ્ય સમાચાર,પ્રયાગરાજ**

ભારતમાં મહાકુંભ મેળાનું ખૂબ જ મહત્વ રહેલું છે. વર્ષ ૨૦૨૫માં મહાકુંભ મેળો પ્રયાગરાજમાં યોજાશે. અને તમને કહી દઈએ કે આ વખતના કુંભમેળાનું આયોજન વિશેષ માનવામાં આવી રહયું છે. ૧૨ વર્ષે એકવાર યોજાનાર આ મેળાનું મહાત્મ્ય પણ ઘણું છે. દેશમાં ચાલી રહેલા અમળતકાળને ધ્યાનમાં રહીને યુપી સરકાર પૂરા પ્રયત્નમાં લાગી ગઈ છે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરી ૨૦૨૫થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી મહાકુંભનું આયોજન કરવામાં આવનાર છે. આ વર્ષના એટલે કે મહાકુંભ ૨૦૨૫માં દેશ-વિદેશથી ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ આવશે એવી ધારણા છે. તમને જણાવી દઈએ કે સંગમનગરી પ્રયાગરાજમાં નવાં વર્ષની શરૂઆતમાં મહાકુંભ યોજાશે. વળી, ખાસ વાત તો એ છેકે આ વર્ષના મહાકુંભને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતળત્વમાં ઉત્તર પ્રદેશ સરકાર ભવ્ય અને દિવ્ય બનાવવા માટે તૈયાર થઈ ગઈ છે. આ માટે જ વિશ્વ કક્ષાની સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે ?૨,૬૦૦ કરોડનું જંગી બજેટ સુદ્ધાં ફાળવવામાં આવ્યું છે. તે અનુસાર અહીં નવાં બાંધકામ, સમારકામ, ભીડ વ્યવસ્થાપન, ટ્રાફિક અને સુરક્ષાને લગતા ૬,૦૦૦ પ્રોજેક્ટ્સ પર કામગીરી ચાલી રહી છે. એટલું જ નહીં સંપૂર્ણ વિસ્તારને ૨૫ સેક્ટરમાં વિભાજિત કરવામાં આવ્યો છે. ૪૦,૦૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં ફેલાયેલા દરેક સેક્ટરમાં કેમ્પ, ઓફિસ, કમ્યુનિટી એરિયા તેમજ આરોગ્ય, સ્વચ્છતા અને સલામતીને લગતી જરૂરી સુવિધાઓ ફાળવવામાં આવશે. ૧૨ કિ.મીમાં ફેલાયેલા ઘાટને ભક્તો માટે આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવી રહયા છે.




આ વર્ષે મહાકુંભ પોષ પૂર્ણિમા એટલે કે ૧૩ જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ થશે અને તેનું મહાશિવરાત્રિ એટલે કે ૨૬મી ફેબ્રુઆરીએ સમાપન થવાનું છે. મહાકુંભ ૨૦૨૫માં શાહી સ્નાનની ૬ તારીખ હશે, જેમાં સાધુ-સંતોના અખાડા સદીઓ જૂની ધાર્મિક વિધિઓમાં ભાગ લઈ શકશે. અત્યારે જ્યારે દેશમાં અમળત કાળ ચાલી રહ્યો છે ત્યારે મહાકુંભ ૨૦૨૫નું આયોજન વિશેષ બની રહેશે. ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને પ્રતિબિંબિત કરવામાં આ મહાકુંભ મહત્વનો ભાગ ભજવવાનો છે. મહાકુંભ ૨૦૨૫માં સુરક્ષા, સુવિધા અને સ્વચ્છતાની સાથે સુંદરતા માટે પણ મિશન મોડમાં કામગીરી થઈ રહી છે. વિવિધ સ્થળોએ ગ્રીન બેલ્ટ, બાગાયત, થીમેટિક ડેવલપમેન્ટ સહિતના સેંકડો સ્તંભ પણ સ્થાપિત કરાઈ રહ્યાં છે. તમને જણાવી દઈએ કે આ વર્ષે થનાર મહાકુંભ ૨૦૨૫ નડિજિટલથ કુંભ અને નગ્રીનથ કુંભના મૂલ્યોને પ્રોત્સાહન આપશે. પરંપરાની સાથોસાથ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ભક્તોની સુરક્ષા તેમજ સુવિધા વધારવાનો પ્રયાસ કરવામાં આવનાર છે. કરવામાં આવી રહ્યો છે. મહાકુંભ ૨૦૨૫માં ખ્ત અને ચેટબોટ જેવી આધુનિક ટેક્નોલોજીની મદદથી શ્રદ્ધાળુઓને વિશ્વ કક્ષાની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

# બેંકોમાં બાંધી મુદતની થાપણોમાં હવે એકથી વધુ વારસદાર રાખવાની છુટ અપાશે

**મુખ્ય સમાચાર નવી દિલ્હી**

દેશમાં વિવિધ બેંકોમાં રાખવામાં આવતી બાંધી મુદતની થાપણોમાં હવે આગામી દિવસોમાં એકથી વધુ નોમીની - વારસદાર રાખવાની છુટ આપવા સરકાર કાનૂન સુધારશે.

આજથી શરૂ થયેલા સંસદના શિયાળુ સત્ર બેંક નોમીનેશન કાનૂનમાં ફેરફાર કરવા માટેનો ખાસ સુધારા ખરડો રજૂ થશે. બાંધી મુદતની થાપણોમાં એક નોમીનેશનથી એફડી ધારકના મૃત્યુ બાદ તેના વારસદારો વચ્ચે આ નાણાનો વિવાદ સર્જાય છે.



આ કાનૂની પ્રક્રિયા લાંબી ચાલે છે અને બેકને પણ બિનજરૂરી રીતે તેમાં ઘસડાવું પડે છે પણ નવા ખરડામાં એકથી વધુ નોમીની અને તેમનો કેટલો હિસ્સો મળે તે પણ જે તે થાપણ મુકતા સમયે થાપણદાર ખાસ જણાવી શકશે. એટલુ જ નહી જે તે નોમીનીના નોમીની અંગે પણ માહિતી આપી શકશે.

એક નોમીનીનું મૃત્યુ થાય તો તેના નોમીની કોણ તે પણ નિશ્ચિત કરી શકાશે. હાલ આ પ્રકારે નોમીની વગર વિવાદના કારણે કરોડો રૂપિયાની બાંધી મુદતની થાપણો ફસાયેલી છે. જો કે નોમીની અને વાસ્તવિક વારસદાર વચ્ચે જે કાનૂની મુદાઓ છે તેને પણ ખાસ રીતે આ નવા સુધારા ખરડામાં આવરી લેવા સરકારની તૈયારી છે.

નવ પ્રસ્તાવિત ખરડામાં હાલના એક નોમીની સામે ચાર નોમીની નિયુક્ત કરવાની છૂટ અપાશે અને દરેકને કેટલો હિસ્સો મળે તે પણ માહિતી આપી શકાશે. આ ઉપરાંત નોમીનીનું વહેલુ મૃત્યુ થાય તો તેના નોમીની કોણ હશે તે પણ દર્શાવી શકાશે. જેના કારણે બેંક તે મુજબ થાપણના નાણા નોમીનીઓ વચ્ચે વહેચી શકશે.

જો કે આ પ્રકારની સુવિધા છતા પણ કાનૂની મુદાઓ તો ઉભા જ છે. નોમીનીને એ કાનૂની વારસદારનો દરજજો આપોઆપ મળી જતો નથી. ઉપરાંત એકથી વધુ નોમીનીથી કાનૂની પ્રશ્નો ઉભા થશે છતાં પણ જેમાં વિવાદ ન સર્જાય તે થાપણોમાં બેંકોને અને થાપણદારોના કુટુંબને મોટી રાહત બનશે.

# કેનેડામાં ઈઝરાયેલ વિરોધી હિંસા ભડકતા રાજકારણ ગરમાયું : ટ્રુડો વિપક્ષોનું નિશાન બન્યા

**મુખ્ય સમાચાર ઓટાવા**

કેનેડાના શહેર મોન્ટ્રીયલમાં શુક્રવારે રાત્રે ઈઝરાયેલ વિરોધી અને પેલેસ્ટાઈન તરફી પ્રદર્શનોમાં થયેલી હિંસા અંગે જસ્ટિન ટ્રુડો ઘેરાયા છે. કેનેડાના વિપક્ષી નેતા પિયર પોઈલીવરે આ ઘટના માટે ઙખ જસ્ટિન ટ્રુડોને જવાબદાર ગણાવ્યા છે અને કહ્યું છે કે, તમે આ હિંસાની નિંદા કરવાનું માત્ર નાટક કરી રહ્યા છો.

હકીકતમાં, ઙખ જસ્ટિન ટ્રુડો ટેલર સ્વિફ્ટ કોન્સર્ટમાં ડાન્સ કરતાં હોય તેવો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે અને તેમને ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. ટીકાકારો કહી રહ્યા છે કે, એક બાજુ મોન્ટ્રીયલમાં હિંસા ભડકી ઉઠી, જ્યારે બીજી બાજુ વડાપ્રધાન ટ્રુડો ટેલર સ્વિફ્ટના ટ્રેક યુ ડોન્ટ ઓન મી પર ડાન્સ કરતા જોવા મળ્યા.



જસ્ટિન ટ્રુડોએ શનિવારે હિંસા વિશે ટ્વિટ કરીને લખ્યું હતું કે, નગઈ રાત્રે અમે મોન્ટ્રીયલની શેરીઓમાં જે જોયું તે ભયાનક હતું. યહૂદી વિરોધી કૃત્યો, ધમકીઓ અને હિંસા જ્યાં પણ થાય છે તેની નિંદા થવી જોઈએ. છઈખઙ સ્થાનિક પોલીસના સંપર્કમાં છે. આ માટે જવાબદાર અને તોફાનીઓને જવાબદાર ગણવામાં આવશે. ટ્રુડોના આ ટ્વિટની વિપક્ષી નેતા પોઈલીવરે કડક શબ્દોમાં નિંદા કરી છે

જસ્ટિન ટ્રુડોને જવાબ આપતા કેનેડિયન રાજકારણી પિયર પોઈલીવરે કહ્યું હતું. નતમે આશ્ચર્યચકિત થવાનો ઢોંગ કરી રહ્યા છો. તમે જે વાવ્યું તે અમે લણી રહ્યા છીએ. વડાપ્રધાન તરીકે તમે નવ વર્ષ સુધી ઝેરી ઓળખની રાજનીતિ કરીને જાતિ, લિંગ, ધર્મ અને પ્રદેશના આધારે લોકોને વિભાજિત કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, કેનેડાના શહેર મોન્ટ્રીયલમાં શુક્રવારે રાત્રે ઈઝરાયેલ વિરોધી અને પેલેસ્ટાઈન તરફી સમર્થકો વચ્ચે હિંસા થઈ હતી. ગઅઝઘના સભ્યો અને ભાગીદાર દેશોના ૩૦૦ પ્રતિનિધિઓ મોન્ટ્રીયલમાં બેઠક કરી રહ્યા છે ત્યારે આ બન્યું છે.

આ દરમિયાન ઈઝરાયેલના સમર્થનમાં એકઠા થયેલા દેખાવકારો અને લોકો વચ્ચે અથડામણ થઈ હતી. હિંસા અને આગચંપી બાદ પોલીસે ટીયર ગેસ અને લાઠીચાર્જનો ઉપયોગ કરવો પડ્યો હતો.

# મથુરાના પ્રેમ મંદિરવાળા કળપાલુ મહારાજની ૩ દિકરીઓને નડ્યો ગંભીર અકસ્માત : એકનું મોત

## માનગઢમાં ૩ દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો : ડો.વિશાખાના અંતિમ સંસ્કાર વુંદાવનમાં કરવામાં આવશે

**મુખ્ય સમાચાર,મથુરા**

પ્રતાપગઢના કુંડાના ભક્તિધામ માનગઢ અને મથુરાના પ્રેમ મંદિરના સંસ્થાપક જગદગુરુ કળપાલુ મહારાજની ત્રણ પુત્રીઓ સાથે મોટી દુર્ઘટના થઈ છે. દિલ્હી જઈ રહ્યા હતા ત્યારે યમુના એક્સપ્રેસ વે પર તેમની કારને ઓવરટેક દરમિયાન એક ટેન્કરે પલટી ખાઈ ગયું હતું. જેના કારણે કારમાં મુસાફરી કરી રહેલી જગદગુરુની મોટી પુત્રી વિશાખા ત્રિપાઠીનું મોત થયું હતું. જ્યારે અન્ય બંને પુત્રીઓ ક્રિષ્ના અને શ્યામાને ભારે ઈજા પહોંચી છે. આ સિવાય અન્ય ચાર લોકો પણ ઘાયલ થયા છે. તમામને દિલ્હીની એપોલો હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

આ દુર્ઘટનાની જાણ કુંડાના માનગઢ આશ્રમમાં થતાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. અને તે પછી માનગઢમાં ત્રણ દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો છે. વિશાખાના પાર્થિવ દેહને વળંદાવનના પ્રેમ મંદિર પર લાવવામાં આવશે. આ પછી તેને અનુયાયીઓ જોવા માટે રાખવામાં આવશે.

કુંડાના ભક્તિધામ માનગઢના સ્થાપક જગદગુરુ કળપાલુ મહારાજની ત્રણ પુત્રીઓ, ૭૨ વર્ષીય ડો. વિશાખા ત્રિપાઠી, ભકિતધામ કળપાલુ પરિષદના પ્રમુખ, ૬૮ વર્ષીય ડો. કળષ્ણા ત્રિપાઠી અને ૬૬ વર્ષીય ડો. શ્યામા ત્રિપાઠી શનિવારે રાત્રે બે ગાડીમાં દિલ્હી જઈ રહ્યા હતા. વિશાખા સાથે વળંદાવનના વ્યવસ્થાપક સંજય અને મહિલા સેવક હતા. જેમાં વ્યવસ્થાપક સંજય જ ગાડી ચલાવી રહ્યા હતા. જ્યારે પાછળની ગાડીમાં ક્રિષ્ના અને શ્યામા હતા. આ ગાડી સેવાદાર દીપક ચલાવી રહ્યા હતા. આગ્રાથી આગળ યમુના એક્સપ્રેસ વે પર નોઈડાના દનકૌર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બપોરે લગભગ ૩:૦૦ વાગ્યે



પાછળથી આવી રહેલા ટેન્કરે બંને વાહનોને ઓવરટેક કર્યું અને અચાનક નિયંત્રણ ગુમાવ્યું અને આગળની ગાડી પર પલટી ગયું. દરમિયાન પાછળથી આવી રહેલી અન્ય એક વાહને તેને ટક્કર મારી હતી.

# અમુક લોકો રાજકીય સ્વાર્થ માટે હોબાળો કરે છે સંસદના શિયાળુ સત્ર પહેલાં PM મોદીનું નિવેદન

**મુખ્ય સમાચાર નવી દિલ્હી**

લોકસભા ચૂંટણી બાદથી અત્યાર સુધી દેશનો રાજકીય માહોલ ઘણો બદલાઈ ગયો છે. પરંતુ તેમ છતાં વિપક્ષી પાર્ટીના જે પ્રકારના તેવર છે, તેનાથી સ્પષ્ટ છે કે સોમવાર એટલે કે આજથી શરૂ થતું શિયાળુ સત્ર પણ હંગામેદાર રહેશે. આ શિયાળુ સત્ર શરૂ થાય તે પહેલા વડાપ્રધાન મોદી સંસદની બહાર પહોંચ્યા ત્યારે તેમણે પત્રકારોને સંબોધ્યા હતા. જ્યાં તેમણે કહ્યું કે આ વખતે સંસદનું શિયાળું સત્ર ઠંડુ જ રહેશે. તેમણે વિપક્ષ સામે આરોપ મૂક્યો કે અમુક લોકો તેમના રાજકીય સ્વાર્થ માટે સંસદમાં હોબાળો કરે છે અને સંસદની કાર્યવાહીમાં અવરોધ પેદા કરે છે. તેઓ સંસદને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે



છે. પ્રજા આવા હોબાળો કરનારા લોકોને નકારી રહી છે.

સંસદના શિયાળુ સત્રની શરૂઆતમાં મીડિયા સાથે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ સાંસદોને સંસદમાં સ્વસ્થ ચર્ચા કરવાની અપીલ કરી હતી. વિપક્ષ પર નિશાન સાધતા તેમણે સંસદમાં ચર્ચા ન થવા દેવાનો આરોપ લગાવ્યો. વડાપ્રધાને કહ્યું કે પઆ વર્ષ ૨૦૨૪નો છેલ્લો સમયગાળો છે.થ દેશ ૨૦૨૫ને પૂરા જોશ અને ઉત્સાહ સાથે આવકારવાની તૈયારી કરી રહ્યો છે. સંસદનું આ સત્ર ઘણી રીતે ખાસ છે.

# જામનગરના રાજપાર્ક નજીક આવેલા સેવાસદનના ગેટ બહાર જ કચરાના ઢગલા અને ભંગારના ખડકલા



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી દરેક વોર્ડ અને રસ્તા પર તેમજ જાહેર સ્થળો પર કચરાપેટી મૂકવામાં આવી છે. પરંતુ સરકારી કચેરીઓની બહાર સ્વચ્છતા જાળવવા માટે તંત્ર દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં ન આવી રહી તેમ લાગી રહ્યું છે કારણ કે જામનગરના રાજપાર્ક નજીક આવેલા સેવા સદન ના ગેટ ની બાજુમાં કચરાના ઢેર જોવા મળી રહ્યા છે. વળી આટલું ઓછું હોય તેમ ભંગારની ગાડીઓ પર ત્યાં પડી રહી છે તેમ છતાં તંત્ર દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. ઉલેખનીય છે કે ગેટની અંદાજે ૧૦૦ મીટર આગળ જ કચરાપેટી મૂકવામાં આવે છે તેમ છતાં ગેટ નજીક કચરાના ઢેર જોવા મળી રહ્યા છે તો વળી ઘણી વખત ખોરાકની શોધમાં રખડતા ઢોર પણ કચરાની શોધમાં ત્યાં આવી ચડે છે અને સમગ્ર રોડ ઉપર કચરો ફેલાવી દે છે જેને પગલે તે વિસ્તારમાં આવા ગમન કરતા વાહન ચાલકોના હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી જામનગર મહાનગરપાલિકા દ્વારા ડી કેવી , ગુરુ ગોવિંદસિંહજી હોસ્પિટલ નજીક, અંબર ચોકડી ગુલાબ કુવરબા હોસ્પિટલ સહિતના વિસ્તારોમાં કચરાપેટી મૂકવામાં આવી છે પરંતુ આ સ્થળો પર કચરાપેટીના ક્યાંક તળિયે તૂટેલા છે તો ક્યાંક તો આખે આખી કચરાપેટી જ ગાયબ થઈ ગઈ છે.

# હળવદના ગ્રામ્ય પંથકમાં ૧૪ વર્ષીય સગીરાનું લગ્નની લાલચે અપહરણ



**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદના ગ્રામ્ય પંથકમાં વાડી વિસ્તારમાં રહી ખેત-મજૂરી કરતા પરિવારની ૧૪ વર્ષીય દીકરીનું લગ્નની લાલચે બદકામ કરવાના ઈરાદે અપહરણ કરીને લઈ જનાર વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ભોગ બનનારના પિતા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ હળવદ તાલુકાના ગ્રામ્યમાં વાડી વિસ્તારમાં રહેતા અને અન્ય ગામડે ખેત-મજૂરી કરતા પરિવાર ઉલર આભ ફાટ્યું હોય તેમ પરિવારની માત્ર ૧૪ વર્ષની વય ધરાવતી દીકરીનું લગ્નની લાલચે લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરીને લઈ ગયેલ આરોપી મહેશ દેવજીભાઈ કોળી રહે.હાલ હળવદ તાલુકાના કેદારીયા ગામે મૂળરહે. જુના ઈસનપુર તા.હળવદ વાળા વિરુદ્ધ સગીરાના પિતા દ્વારા હળવદ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવતા પોલીસે લગ્નની લાલચે અપહરણકર્તા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી ભોગ બનનાર તથા આરોપીને શોધવા અલગ અલગ દિશાઓમાં ચક્રો ગતિમાન કર્યા છે.

# ઉના તાલુકાના નવાબંદર પર કોસ્ટલ રેગ્યુલેશન ઝોન સમજ તેમજ માછીમારી સમસ્યા બાબતે કાર્યક્રમ યોજાયો



અહેવાલ :- (અબ્દુલ પઠાણ ઉના )

**મુખ્ય સમાચાર, ઉના**

આ કાર્યક્રમમાં સી.આર.ઝેડ. બાબતે વકીલ રીઝવાન દ્વારા માછીમારોને સમજ આપવામાં આવી હતી, તેમજ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન માટેના તૈયાર કરેલ નકશાઓ બાબતે સમજ આપવામાં આવી હતી.

તેમજ સમસ્ત માછીમાર સમાજ ફાઉન્ડેશનના સેક્રેટરી ઉસ્માનગની શેરસિયાએ સી.આર.ઝેડ. કાયદો સમજી અને દરિયા કિનારા પર થતા પ્રદૂષણ રોકવા પડશે, ચેરિયાઓ અને દરિયાઈ જીવસૃષ્ટિ બચાવવી પડશે તો જ આપણાં અને આપણાં બાળકોને આવનાર સમયમાં માછલી મળી રહેશે. બાકી આપણાં માછીમાર ભાઈઓને ઊંડા દરિયામાં માછીમારી કરવા મજબૂર બનશે અને સરહદ ક્યારે પસાર કરી લેશું એ પણ ખબર પડશે નહિ એટલા માટે આપણે દરિયા કિનારે પ્રદૂષણ થતું અટકાવવું પડશે. આ કાર્યક્રમમાં નવાબંદરના સરપંચશ્રી સોમવારભાઈ, ઉપસરપંચ કિશનભાઈ, બોટ પ્રમુખો શાંતિભાઈ, અશોકભાઈ અને હનોફભાઈ, માછીમાર આગેવાન સીધીકભાઈ, ભાણાભાઈ, ધરમુભાઈ, સલીમભાઈ, યુનુસભાઈ વગેરે હાજર રહ્યા હતા.

# ઉનાનાં દાંડી, દેલવાડા ગામે રેતી પથ્થર વહન કરતા ૧૧ લાખના સાધનો જપ્ત કરતા મામલતદાર

## લાંબા સમય બાદ જીલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ કામગીરી કરાઈ

અહેવાલ :- (અબ્દુલ પઠાણ ઉના )

**મુખ્ય સમાચાર, ઉના**

ઊનાના દરીયાઈ કિનારા નજીક રેતી નું થતું બેફામ રીતે ખનન અને ટ્રેકટરો દ્વારા અપલોડ પથ્થર ભરીને બેફામ રીતે રોડ ઉપર દોડતાં હોવાં છતાંય પોલીસ આર ટી ઓ દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરાતાં આખરે ઊના મામલતદાર ડી કે ભીમાણી એ લાલ આંખ બતાવીને ૧૧ લાખ નાં વાહનો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દરીયા કિનારે આવેલ દાંડી તેમજ દેલવાડા ગામ નજીક ગેરકાનૂની રીતે રેતી તેમજ પથ્થર ભરી ને પસાર થતાં અપલોડ ટ્રેક્ટર ને રોકાવી ડ્રાઈવર પાસે રોયલ્ટી પાસ પરમીટ તેમજ વહન કરતાં વાહનો નાં કાગળો માંગતા નહીં મળી આવતાં જીલ્લા કલેક્ટર નાં માર્ગદર્શન હેઠળ સુચનાઓ મળતાં રેતી પથ્થર ભરી રોડ પર દોડતાં ૧૧ લાખ ની કિંમત નાં ટ્રેકટરો પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અંત્રે ઉલ્લેખનિય છે કે ઊના પંથકમાં પસાર થતી નદી માંથી તેમજ દરીયા કિનારે કુદરતી ખનીજ રેતી અને વ્હાઈટ સ્ટોન પથ્થર ની મોટાં પાયે ખનિજ ચોરી થતી હોય ગેરકાયદેસર રીતે રોજનાં સેંકડો ની સંખ્યામાં ટ્રેક્ટરો ભરાઈ બેફામ રીતે વહન કરતાં ખનિજ માફીયા પોલીસ અને રેવન્યુ આર ટી ઓ નાં ડર અનુભવ્યા વગર લોકો ની જીંદગી ની પરવા કર્યા વિના મોત સમાન બની દોડી રહ્યા છે આવાં ખનિજ વહન કરતાં ટ્રેક્ટરો નાં ડ્રાઈવર પાસે મોટાં ભાગે લાઈસન્સ પણ હોતાં નથી તેમજ વાહન નાં ટેક્સ વિમા પણ ધરાવતાં નહીં હોવાથી આવાં વાહનો ખનિજ ચોરી માં ઊપયોગ લેવાતાં હોવાની અનેકવાર ફરીયાદો ઊઠી રહીં છે તંત્ર દ્વારા આ વિસ્તારના ગીર અને દરીયા કીનારે આવેલી રાવલ નદી તેમજ મચ્છુન્દ્રી નદી કંઠાળ વિસ્તાર નાં દરીયાઈ કિનારે વહન કરાતાં ટ્રેક્ટરો ખનિજ માફીયાઓ દ્વારા ચાલતાં વાહનો ની તપાસ કાર્યવાહી શરૂ કરાય તો મોટાભાગના વાહનો સરકાર નાં નિયમો ભંગ કરતાં મળી આવશે તેવી લોકોમાં ચર્ચા ઉઠવા પામી છે.

મામલતદાર ઉના દ્વારા થયેલી આ સરાહનીય કામગીરી ખનિજ તંત્ર માટે શરમજનક બાબત હોવાનો શુર ઊઠવા પામેલ છે હાલમાં મોટાં પાયે રેતી નું ગેરકાનૂની પ્રવૃત્તિ ફુલીફાલી છે ત્યારે જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા આ પ્રવૃત્તિ સામે લાલ આંખ બતાવી ગીર સોમનાથ જિલ્લા ખનિજ તંત્ર દ્વારા બેફામ બની નદી દરીયા કિનારે મોટાં ખાંડા પાડી જે સી બી દ્વારા લાખો ટન કરોડો નું ખનિજ ઉઠાવતા માફીયા સામે કાર્યવાહી હાથ ધરાશે ખરી ? તેવો લોકોમાં અવાજ ઊભો થયો છે.

# ટંકારાના લજાઈ ગામેથી રીક્ષા ચોરી કરનાર રાજકોટના બે રીઢા વાહન ચોરને દબોચી લેતી ટંકારા પોલીસ

- ટંકારા પોલીસે ગણતરીની કલાકોમાં રીક્ષા ચોરીનો ભેદ ઉકેલ્યો



**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા પોલીસ ટીમ વાહન ચેકીંગ કામગીરીમાં હોય તે દરમિયાન મળેલ પૂર્વ બાતમીને આધારે લજાઈ ગામથી રાત્રી દરમિયાન સીએનજી રીક્ષા ચોરી કરનાર રાજકોટના બે રીઢા વાહન ચોર ઈસમોને પકડી લેવામાં આવ્યા હતા, આ સાથે પકડાયેલ બંને આરોપી પાસેથી સીએનજી રીક્ષા કિ.રૂ.૧.૫૦ લાખનો મુદ્દામાલ પરત મેળવી ગણતરીની કલાકોમાં રીક્ષા ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ટંકારા પોલીસ મથક ટીમ વાહન ચેકીંગમાં હોય તે દરમ્યાન પો.કોન્સ. તેજાભાઈ ગરચર, કૃષ્ણરાજસિંહ ઝાલા તથા દશરથસિંહ જાડેજાને સંયુકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે, ટંકારા પોલીસ મથકમાં નોંધાયેલ પો.સ્ટે. સીએનજી રીક્ષા ચોરીના કેસમાં ચોરીમાં ગયેલ સી.એન.જી. રીક્ષા નંબર-જીજે-૩૬-યુ-૮૯૭૬ વાળી રાજકોટ થી મોરબી તરફ જતા હોવાની હકિકત આધારે વોચ તપાસમાં હોય ત્યારે બે ઈસમો ચોરીમાં ગયેલ ઉપરોક્ત રીક્ષા સાથે ત્યાંથી પસાર થતા તેને રોકી તેની પાસેથી રીક્ષાના કાગળો માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવતા તુરંત પોકેટકોપ મોબાઈલ ફોન એપ્લીકેશનમાં રીક્ષાના એન્જીન ચેસીસ નંબર તથા આર.ટી.ઓ નંબર સર્ચ કરી જોતા આ રીક્ષા ચોરીની હોવાની ખાત્રી થઈ હતી જેથી બંને આરોપી મુકેશભાઈ અરજણભાઈ ગુજરાતી ઉવ.૪૦ રહે.મુળ-પેઢલા સામાકાઠે તા.જેતપુર જી.રાજકોટ તથા અર્જુનભાઈ જયંતીભાઈ સોલંકી ઉવ.૨૫ રહે.રાજકોટ ઢેબર રોડ વિજય પ્લોટ-૨૫ની અટક કરવામાં આવી હતી, આ સાથે રીક્ષા બાબતે બન્ને ઈસમોની સઘન વધુ પુછપરછ કરતા ગઈ તા.૨૩/૧૧ની રાત્રીના લજાઈ ગામેથી ચોરી રીક્ષા ચોરી કર્યા અંગે કબુલાત આપતા બન્ને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વધુમાં પકડાયેલ બંને રીઢા વાહન ચોર હોય જેમાં આરોપી મુકેશભાઈ ગુજરાતી વિરુદ્ધ રાજકોટ શહેર, ગ્રામ્ય તેમજ સુરેન્દ્રનગર જીલ્લામાં પ્રોહીબીશન અને ચોરીના ૧૦ કેસ નોંધાયા છે જેમાં મુખ્યત્વે ચોરીના કેસો વધારે છે. જ્યારે બીજો આરોપી અર્જુનભાઈ સોલંકી સામે પણ રાજકોટ શહેર તથા ગ્રામ્યમાં ચાર જેટલા ચોરીના કેસો પોલીસ ચોપડે નોંધાયા હોવાનું સામે આવ્યું છે. પકડાયેલ બંને આરોપીઓ રાત્રીના સમયે ગામડા વિસ્તારમાં નીકળી પાર્ક કરેલ વાહનોના લોક ઈનગીશનમાંથી ડાયરેક્ટ કરી ચોરી કરવાની ટેવ વાળા હોવાનું સામે આવ્યું છે.

# મોરબીમાં ડો. હસ્તિબેન મહેતાના ૧૪૫માં આરોગ્ય કેમ્પનું આયોજન

- એક સદગૃહસ્થ દાતા દ્વારા નિઃશુલ્ક આરોગ્ય કેમ્પમાં ૬૦ વર્ષથી ઉપરના દર્દીઓએ વિશેષ લાભ લીધો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના લીલાપર રોડ પર આવેલ આલાપ સોસાયટી સામે ડો. હસ્તિબેન મહેતાના ૧૪૫માં આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૬૦ થી વધુ ઉંમરના લગભગ દર્દીઓએ વજન, બ્લડ શુગર, બીપી ચકાસણી તેઓને ત્રણ દિવસ માટેની દવા આપવામાં આવી હતી. આ કેમ્પમાં મુખ્યત્વે વા, સાંધા, કમર અને ખંભાના દર્દીઓએ લાભ લીધો હતો. મોરબીમાં તા.૨૪ નવેમ્બર ૨૦૨૪ ના રોજ ડો હસ્તિબેન મહેતાના ૧૪૫માં નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આલાપ સોસાયટી સામે પટેલ રેસીડેન્સી સિદ્ધિ દાતા હનુમાનજીનું મંદિર લીલાપર રોડ સાઈન્ટીફિક વાડી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વધુ કરીને ૬૦ થી ઉપરની ઉંમરના વ્યક્તિઓએ વધુ લાભ લીધો હતો, ત્યારે તેમનું વજન કરી બ્લડ સુગર તેમજ બ્લડ પ્રેસર ચેક કરીને ત્રણ દિવસની દવા પણ આપવામાં આવી હતી. આ કેમ્પમાં મોટેભાગે વા, સાંધા, કમર, ખભા, ઘૂંટણના દર્દીઓએ સારવાર લીધી હતી. આ સિવાય જયસુખભાઈ ભાલોડિયા દ્વારા પોઈન્ટની વિશેષ સારવાર આપીને દર્દીઓને દર્દથી રાહતનો અનુભવ કરાવવામાં આવ્યો હતો.

આ કેમ્પના સફળ આયોજન માટે ધર્મિષ્ઠા વ્યાસની પ્રશંસનીય કામગીરી સાથે જ, કોઠારીભાઈ, રશ્મિનભાઈ દેસાઈ અને કૌશીકા રાવલે સહાયક તરીકે સેવાઓ આપી હતી.

# મોરબી જીલ્લા પોલીસની અપીલઃ ખોટી અફવાઓથી સાવચેત રહો

## સોશિયલ મીડિયા પર છોકરા પકડવાવાળી ગેંગના મેસેજ ખોટા




હળવદ તાલુકાના અમુક ગામોમાં છોકરા પકડવા માટે ગેંગ આવી હોવાનું કહેતા સોશિયલ મીડિયામાં ફેલાવાતા મેસેજ સંપૂર્ણપણે ખોટા છે. મોરબી જીલ્લા પોલીસે આવી અફવાઓથી દુર રહેવા અને શાંતી જાળવવા માટે લોકોને અપીલ કરી સાથે સાથે ખોટી માહિતી ફેલાવનાર સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

હળવદ તાલુકાના ગામોમાં છોકરા પકડવા માટે ગેંગ આવી હોવાનું કહેતા કેટલાક મેસેજ અને વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. મોરબી જીલ્લા પોલીસના અધિકારીઓએ આ માહિતી ખોટી અને ભ્રામક હોવાનું સ્પષ્ટ કરીને લોકોને શાંતી જાળવવા અને આવા મેસેજ પર વિશ્વાસ ન કરવા અપીલ કરી છે.

પોલીસે ચેતવણી આપી છે કે, આ પ્રકારની અફવાઓ ફેલાવવી કે આવા મેસેજ શેર કરવા ગુનાહિત કૃત્ય છે. આવા વિડીયો અથવા મેસેજ વાયરલ કરનારા લોકો વિરુદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# જામનગર જિલ્લા જેલમાં બંધ આરોપીનું હાર્ટ-એટેકથી મોત નીપજ્યું



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લા જેલમાં બંધ આરોપીનું હાર્ટ-એટેકથી મોત નીપજ્યું.જામનગર જિલ્લા જેલમાં હત્યાનો આરોપી જે મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકના વતની અને એક હત્યા કેસમાં જેલવાસ ભોગવી રહેલા કાચા કામના કેદીનું આજે સવારે જિલ્લા જેલમાં હૃદય બંધ પડી જવાથી મૃત્યુ નીપજયું હોવાનું જાહેર થયું છે. જે મામલામાં પોલીસ ઉંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે.આ બનાવની વિગત એવી છે કે મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના રાણપર ગામના વતની અને ભાણવડ પોલીસ સ્ટેશનના હત્યા તેમ જ હત્યા પ્રયાસ કેસના કાચા કામના કેદી જામનગરમાં જેલવાસ ભોગવી રહેલા ગોવિંદ નથુભાઈ ખરા (ઉંમર વર્ષ ૫૨ ) કે જેઓને આજે સવારે પોતાના બેરેકમાં ઉઠાડતાં ઉઠયા ન હતા અને બેશુદ્ધ બન્યા હતા. જેથી તેઓને તાત્કાલિક સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.આ બનાવ અંગે જેલના સુબેદાર વિનોદભાઈ બેચરભાઈ સોલંકીએ સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં જાણ કરતાં પીએસઆઈ એમ કે બ્લોચ જી.જી. હોસ્પિટલમાં પહોંચી ગયા હતા અને કેદીના મૃતદેહનો કબજો સંભાળી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના ફોરેન્સિક વિભાગમાં તબીબોની પેનલ મારફતે પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવ્યું હતું, જયારે તેની વિડીયોગ્રાફી કરવામાં આવી હતી. જેના વિસેરા લઈને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે, તેમજ સમગ્ર મામલામાં વધુ તપાસ ચલાવાઈ રહી છે. પ્રાથમિક તપાસ દરમિયાન તેનું હૃદય બંધ પડી ગયું હોવાથી મૃત્યુ થયું હોવાનું અનુમાન લગાવાયું છે. જેના ફાઈનલ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

# જામનગર શહેરમાં લાખોટા તળાવ ખાતે એનસીસી દિવસની ભવ્ય ઉજવણી







જામનગર શહેરમાં આવેલ લાખોટા તળાવ ખાતે એનસીસી દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે આ કાર્યક્રમમાં લશ્કરી શિસ્ત, કૌશલ્ય અને સાંસ્કૃતિક પ્રતિભાનું અદભૂત પ્રદર્શન જોવા મળ્યું હતું. આર્મી કેડેટ્સે વિવિધ લશ્કરી સાધનોને હેન્ડલ કરવામાં તેમની કુશળતા દર્શાવીને રોમાંચક શસ્ત્ર પ્રદર્શન દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. નૌકાદળના કેડેટ્સે પ્રભાવશાળી શિપ મોડેલ ડિસ્પ્લે રજૂ કર્યું હતું. જેમાં નૌકાદળની કામગીરી અને ટેક્નોલોજીની સમજ આપવામાં આવી હતી.એરફોર્સનાં અધિકારીઓ દ્વારા ભારતીય વાયુસેનામાં કેવી રીતે જોડાવું અને હવાઈ દળની ભૂમિકાઓ અને કાર્યો વિશે જાણકારી આપવામાં આવી હતી. તેમજ સંરક્ષણ ક્ષેત્રમાં યુવાનો માટે કારકિર્દીની તકો પર માહિતી આપવામાં આવી હતી.મરીન ટાસ્ક ફોર્સે આવશ્યક બચાવ તકનીકો પ્રદર્શિત કરી, આપત્તિ વ્યવસ્થાપન અને અસ્તિત્વ માટે મહત્વપૂર્ણ કુશળતા દર્શાવી હતી. વધુમાં, આર્મી દ્વારા શસ્ત્ર પ્રદર્શનથી આધુનિક લશ્કરી સામર્થ્યનો સાક્ષાત્કાર કરાવવામાં આવ્યો હતો. કેડેટ્સ દ્વારા અદભૂત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યાં હતા. જે કળાએ લશ્કરી ચોકસાઇ અને કલાત્મક અભિવ્યક્તિનું સમન્વય પ્રદર્શિત કર્યુ હતું.

# મોરબીમાં વ્યાજખોરોએ ૧ લાખના બદલે ૫ લાખની માગણી કરી યુવકને ધોકાવ્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરમાં રહેતા યુવાને વ્યાજે લીધેલા રૂપિયા જેટલી રકમ અને વ્યાજ સહિત ની રકમ ચૂકવી હોવા છતાં વ્યાજખોરો દ્વારા રૂપિયા પાંચ લાખની ઉઘરાણી કરી હતી અને તેના માટે તેને રવાપર રોડ પાસે આવેલા પેટ્રોલ પંપ તે બોલાવ્યો હતો અને ત્યાં રૂપિયાની ઉઘરાણી કરી હતી જોકે યુવાને તમામ રૂપિયા ચૂકવી હોવાનું જણાવતા આરોપીઓ દ્વારા લાકડાના ધોકા વડે માર મારતા યુવકને બીજા પહોંચતા સારવાર સાથે ખસેડાય હતો બનાવવા અંગે એડવિઝન પોલીસ મથકમાં બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે

બનાવની મળતી માહિતી મુજબ મોરબી શહેરના સનાળા રોડ પર આવેલી ધરતી એપાર્ટમેન્ટમાં રહેતા ચિરાગ મહેશભાઈ ગોસ્વામી નામના યુવાને શિવમ રબારી અને હીરા રબારી નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે ફરિયાદ માં જણાવ્યા મુજબ ચિરાગે શિવમ રબારી નામના શખ્સ પાસેથી રૂપિયા એક લાખ વ્યાજ પેટે લીધા હતા જેની સામે વ્યાજ સહિત ૧,૮,૦૦૦ જેટલી રકમ ચૂકવી હોવા છતાં આરોપીઓ દ્વારા પાંચ લાખની માંગણી કરી હતી જેથી યુવકે આ રકમ આપવાની ના પાડતા આરોપી દ્વારા માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી આરોપીઓ દ્વારા રૂપિયા પાંચ લાખની ઉઘરાણી ને લઈ ફોન કરી રવાપર રોડ પાસે આવેલા પેટ્રોલ પંપે બોલાવી મારમાર્યો હોવાનું જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ દ્વારા શહેર -તાલુકા સહિતમાં લોક દરબાર ના કાર્યક્રમો યોજી વ્યાજનું દુષણ ડામવા પ્રયાસો હાથ ધરાઈ છે. તેમ છતાં વ્યાજખોરો સુધરવાનું નામ લેતા નથી.

# વડીલો અને દીનદુઃખિયાની નિસ્વાર્થ સેવા ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ

## પ્રકૃતિના સંવર્ધન માટે વૃક્ષોનું જતન તથા પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપાય છેઃ આચાર્ય દેવવ્રતજી રેસકોર્સ સ્થિત માનસ સદ્દભાવના રામકથામાં ઉપસ્થિત રહ્યા







**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ખાતે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા આયોજિત રામકથાના બીજા દિવસે આજે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે રાજ્યપાલએ ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને આધ્યાત્મિક ચેતનાના ભવ્ય વારસાને યાદ કરી ઉદબોધન કરતા જણાવ્યું કે, ઋષિમુનીઓ, સંતો મહંતોના આધ્યાત્મિક પ્રદાન અને માર્ગદર્શન થકી ભારત હજારો વર્ષોથી સમગ્ર વિશ્વને પ્રેરણા પૂરી પાડી રહ્યું છે. ભારતની આર્થિક સમૃદ્ધિથી આકર્ષાઈને થયેલા અનેક વિદેશી આક્રમણો બાદ પણ આપણી આ ભવ્ય વિરાસત અકબંધ રહી છે અને વિશ્વ ગુરુ તરીકે ભારત દેશે સમગ્ર વિશ્વને આધ્યાત્મિક ચેતનાનો રાહ દર્શાવ્યો છે, જેને પૂ. મોરારી બાપુ જેવા સંતો આજે આગળ ધપાવી રહ્યા છે.

મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામ વિશે વાત કરતા રાજ્યપાલએ ઉમેર્યું હતું કે, વાલ્મીકિ રચિત રામાયણનું દરેક પ્રકરણ પ્રેરણાસ્ત્રોત સમાન છે. ભગવાન રામનું જીવન મર્યાદા અને આદર્શના ગુણોને પ્રસ્તુત કરે છે. શ્રી રામનું જીવન આપણી સમક્ષ એક આદર્શ રાજા, પુત્ર અને ભાઈનું શ્રેષ્ઠ ઉદાહરણ રજૂ કરે છે. ભારતીય મૂલ્યો, સદગુણો, આચાર અને વિચારના આદર્શ એવા મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના સદગુણોને લાખો કરોડો લોકોમાં સિંચન કરવાનું કામ પૂજ્ય મોરારીબાપુ રામકથા દ્વારા કરી રહ્યા હોવાનું પણ રાજ્યપાલએ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું.

સમગ્ર વિશ્વ માટે વિકરાળ સમસ્યા બનેલા ગ્લોબલ વોર્મિંગ અને તેની અસરો વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વ પર્યાવરણની બદલાતી પરિસ્થિતિથી ચિંતિત છે ત્યારે સદ્દભાવના વૃદ્ધાશ્રમ દ્વારા દેશભરમાં લાખો વૃક્ષોનું વાવેતર અને જતન થઈ રહ્યું છે. આજે પર્યાવરણનું સ્વાસ્થ્ય બગડ્યું છે ત્યારે વૃક્ષોનું જતન કરવું ખૂબ જરૂરી બન્યું છે. સદ્દભાવના વૃદ્ધાશ્રમના આગામી સમયમાં ૧૫૦ કરોડ વૃક્ષો વાવવાના તથા તેનું જતન કરવાના સંકલ્પને વધાવતા રાજ્યપાલએ જણાવ્યું હતુ કે, પ્રકૃતિનું જતન કરવું એ જ સાચી ભક્તિ છે. આજે રાસાયણિક ખાતરના ઉપયોગથી આપણી જમીનની ફળદ્રુપતા ઘટી ગઈ છે ત્યારે પ્રકૃતિના સંવર્ધન માટે વૃક્ષોનું જતન તથા પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપાય છે તેમ જણાવતાં રાજ્યપાલએ સદ્દભાવના વૃદ્ધાશ્રમના પર્યાવરણ જતનના કાર્યને બિરદાવ્યું હતું.

વૃક્ષોનું બે વર્ષ યોગ્ય જતન કરી આપણે આવનારી વિરાસતને બચાવી શકીશું તેવો ભાવ દેવવ્રતજીએ વ્યક્ત કર્યો હતો. માતૃદેવો.. પિતૃદેવો ભવ.. ઉક્તિને યાદ કરી નિરાધાર અને અશક્ત વૃદ્ધ લોકોને પ્રેમભર્યો આશ્રય આપીને સદભાવના ટ્રસ્ટ સાચા અર્થમાં ધર્મનું કામ કરી રહ્યું છે અને વડીલ વંદના થકી જ ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ શક્ય હોવાનું તેઓએ વંદન સાથે કહ્યું હતું. આ તકે તેમણે પર્યાવરણ બચાવ અને વડીલોની સેવા સુશ્રુષા અર્થે સેવારત સદ્દભાવના વૃદ્ધાશ્રમના પ્રણેતા વિજયભાઈ ડોબરિયાની કામગીરીની સરાહના કરી લોકોને તેમાં સહભાગી બનવા આહવાન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે રાજકોટ સ્થિત સદ્દભાવના વૃદ્ધાશ્રમ દ્વારા રૂ. ૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વૃદ્ધાશ્રમના લાભાર્થે રેસકોર્સ ખાતે પૂ. મોરારી બાપુના વ્યાસાસને સદભાવના માનસ પરામ કથાથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આર્ષ વિદ્યામંદિરના પ્રણેતા પરમાત્માનંદજીએ રામકથાના આયોજનની રૂપરેખા પુરી પાડી સદભાવના વૃદ્ધાશ્રમ નિરાધાર વડીલ વંદના માટે આગામી સમયમાં સમર્પિત બની કામ કરશે તેવો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ તકે રૂ. ૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વૃદ્ધાશ્રમના દાતાઓનું રાજ્યપાલ તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કરાયું હતું.

કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડિયા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, કલેકટર પ્રભવ જોશી, પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તી, ચાંદની પરમાર, સંતો મહંતો આચાર્ય ડો. લોકેશ સ્વામી, સ્વામી કારશાણી ગુરુ શરમાનંદજી મહારાજ, પાળીયાદના નિર્મળા બા તથા ભયલુ બાપુ, સાધવી ધ્યાનાનંદજી, અગ્રણીઓ સર્વે ધનસુખભાઈ ભંડેરી, ડો. વલ્લભભાઈ કથીરિયા, ડી.સી પી. જગદીશ બાંગરવા, સહીત અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં શ્રોતાગણ ઉપસ્થિત રહ્યો હતો.

# નવા સંગઠનની રચનાને કીક લાગી ગઈ છે : પાટીલનો સંકેત

## વાવના વિજય બાદનો પ્રત્યાઘાત : જેને તક મળે તેને એડવાન્સમાં અભિનંદન પણ પ્રદેશ પ્રમુખે આપી દીધા : મને મુક્ત કરવા મે બે વખત કહ્યું છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં નવાવથ બેઠકની પ્રતિષ્ઠાના જંગ જેવી ચુંટણીમાં ભાજપે આખરી તબકકામાં બાજી પલટીને જે વિજય મેળવ્યો તેનાથી એક તરફ વાવમાં ઠાકોર - ફેકટર જ નિર્ણાયક બની શકે તે નિશ્ચિત થયુ છે તો હવે નવાવથના વિજય બાદ ગુજરાત ભાજપનું રાજકારણ અને લાંબા સમયથી જે ફેરફારો તોળાઈ રહ્યા છે તેને પણ વેગ મળશે.

ગઈકાલે જ નવાવથના વિજય પર પ્રત્યાઘાત આપતા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે તેમાં હોદો છોડી રહ્યા છે તેનો સ્પષ્ટ સંકેત આપતા જણાયુ કે, જેઓને તક મળશે તેને હું એડવાન્સમાં અભિનંદન આપી દીધુ છે.તેઓએ સુરતના મજુરા ધારાસભા બેઠકના સ્નેહમિલનમાં એ પણ કહ્યું કે, મારી વિદાય વસમી નહી પણ ખુશી ભરીને આપી છે. તેઓનો સ્પષ્ટ ઉલ્લેખ વાવના વિજય ભણી હશે.

તેઓએ એ પણ કહ્યું કે, મે બે વખત કહ્યું છે મને નમુક્તથ કરો અને બીજા કોકને સોપો અને નવા સંગઠનની શરૂઆત કરવાની નતકથ અમોને મળી છે અને જેને તક મળશે તેને હું એડવાન્સમાં અભિનંદન આપુ છું.પાટીલના આ નિવેદનથી ભાજપે હવે ફક્ત નવા સંગઠનની જ નહી પણ મંત્રીમંડળમાં ફેરફારની ચર્ચા પણ તેજ બની છે. છેલ્લે ચિંતન શિબિરનો મુદો હતો જે પણ હવે રહ્યો નથી પણ મુદો સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો છે અને હજુ પાટીલને તે જવાબદારી બાદ જ મુક્ત કરાશે કે કેમ તે ચર્ચા છે અને દિલ્હીમાં પણ રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીનો મુદો છે.

વાવમાં ભાજપની જીત એ પક્ષને રાહત આપી છે અને તેથી હવે



સ્થાનિક ચૂંટણીના સમીકરણો પણ નિશ્ચિત કરી શકાશે તેવા સંકેત છે પણ ભાજપ મોવડીમંડળ કઈ રીતે સમગ્ર પ્રક્રિયાને ગોઠવે છે તેના પર નજર છે.

# મોરબીના યમુનાનગરમાં જુગારની મહેફિલ માંડી બેઠેલ પાંચ મહિલા પોલીસ ઝપટે

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના નવલખી રોડ ઉપર યમુનાનગર શેરી નં.૩ માં સીટી બી ડિવિઝન પોલીસે દરોડો પાડી ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા અંજનાબેન ધવલભાઈ પ્રવિણભાઈ ચુડાસમા ઉવ.૩૫ રહે.વાવડી રોડ ગાયત્રીનગર શેરી નં.૧ મોરબી, ગીતાબેન રમેશભાઈ ધીરૂભાઈ ધરજીયા ઉવ.૩૫ રહે.નવલખી રોડ જલારામ એપાર્ટમેન્ટની પાછળ મોરબી, હંસાબેન સુરેશભાઈ હરખાભાઈ ઉઘરેજા ઉવ.૩૫ રહે.રફાળીયા મઢુલી પાસે તા.મોરબી, પુજાબેન અનીલભાઈ રસીકભાઈ ચૌહાણ ઉવ.૨૯ રહે.નવલખી રોડ રણછોડનગર મોરબી તથા રંજનબેન અમરશીભાઈ કાનજીભાઈ દેગામા ઉવ.૫૨ રહે.વીસીપરા કુલીનગર ૧ મોરબીને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂ.૩,૬૦૦/-કબ્જે લઈ તમામ મહિલા આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગિરનાર અને નલિયા - રાજકોટ ઠંડાબોળ : અન્યત્ર ઠંડીમાં આંશિક રાહત

## ગિરનાર ઉપર ૯.૩ ડિગ્રી : નલિયામાં ૧૩.૪, રાજકોટમાં ૧૪.૮ : જામનગર – અમદાવાદ – અમરેલીમાં ૧૭, વડોદરામાં ૧૫.૨, ભાવનગરમાં ૧૮ અને ભુજમાં ૧૬.૭ ડિગ્રી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં શિયાળાએ પોતાનો અસલી રંગ દેખાડવાનું શરુ કરી દીધું છે. રાજ્યમાં અત્યારે કડકડતી ઠંડી પડવાનું શરુ થઈ ગયું છે. ગુજરાતમાં લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી સુધી નીચે પહોંચી જતાં રાજ્યમાં ઠંડીનો ચમકારો અનુભવાયો છે.આગામી દિવસોમાં હજી પણ ઠંડી પડશે.

આજરોજ જુનાગઢના ગિરનાર પર્વત ઉપર કડકડતી ઠંડી અનુભવાઈ હતી. જયારે નલિયા અને રાજકોટ પણ ઠંડાબોળ રહેવા પામ્યા હતા. આજરોજ ગિરનાર પર્વત ઉપર ૯.૩, ડિગ્રી તથા કચ્છના નલિયામાં ૧૩.૪ અને રાજકોટ શહેરમાં ૧૪.૮ ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત આજરોજ સૌરાષ્ટ્ર-ગુજરાતના અન્ય સ્થળોએ ઠંડીમાં આંશિક રાહત અનુભવાઈ હતી.

આજે સવારે અમદાવાદમાં ૧૭.૮, અમરેલીમાં ૧૭, વડોદરામાં ૧૫.૨, ભાવનગરમાં ૧૮.૧, તથા ભુજમાં ૧૬.૭ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જયારે આજે સવારે દમણમાં ૨૦.૨, ડિસામાં ૧૫.૪, દિવમાં ૧૭.૬, દ્વારકામાં ૨૦.૫, તેમજ ગાંધીનગર ખાતે ૧૪ ડિગ્રી. કંડલામાં ૧૮, ઓખામાં ૨૪.૪, પોરબંદરમાં ૧૬, સુરતમાં ૨૧ તેમજ વેરાવળ ખાતે ૨૦.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

ઉપરાંત સૌરાષ્ટ્રમાંથી મળતા વધુ અહેવાલો મુજબ જુનાગઢમાં લઘુતમ તાપમાનનો પારો ૧૪.૮ ડીગ્રીએ પહોંચતા રાત્રીના વાતાવરણ ઠંડુગાર થવા પામતા ગરમ વસ્ત્રોની ખરીદી થવા પામી છે. રાત્રીના મોસા છકડો રીક્ષા જેવા ખુલ્લા વાહન રોડ પર ઓછા જોવા મળી રહ્યા છે. ગિરનાર પર ઠંડીનો પારો ૯.૩ ડિગ્રીએ જતા યાત્રીકો પ્રવાસીઓને ભવનાથમાં ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

છેલ્લા પાંચ દિવસમાં તાપમાનના પારો નીચે આવી રહ્યો છે. આ વર્ષે શિયાળાનો પગરવ થોડુ મોડુ થઈ રહ્યું છે. ધીમે ધીમે શિયાળો તેના અસલ રંગમાં આવી રહ્યો છે. છેલ્લા દિવસોમાં ૨.૬ ડિગ્રી પારો નીચે આવતા રાત્રીના ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ૫૦ ટકાનો ઘટાડો થવા પામ્યો છે.

ગિરનાર પર્વત ઉપર ૯.૩ ડિગ્રીએ રહેવા પામ્યું છે. પર્વત ઉપર વાદળોની ચાદર પથરાઈ હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બજારોમાં ગરમ વસ્ત્રોની ખરીદી માર્કેટમાં જોવા મળી રહી છે.

જામનગરમાં છેલ્લાં ૪૮ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં ૩.૫ ડિગ્રીનો વધારો થતાં આજે ૧૭.૫ ડિગ્રીએ પહોંચતા ઠંડીમાં લોકોએ આંશિક રાહત અનુભવી હતી. વાતાવરણમાં ૯ ટકા ભેજનું પ્રમાણ ઘટીને ૬૫ ટકા થયું હતું. મહત્તમ તાપમાન સતત બીજા દિવસે ૨૯.૫ ડિગ્રીથી ઓછું રહ્યું હતું.

ઉત્તર ભારતમાં હિમવર્ષાની અસર ગુજરાતમાં પણ વર્તાઈ રહી છે. જામનગર પંથકમાં પણ તાપમાનમાં સતત ઘટાડો થતા ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. શહેરમાં આજે સવારે પુરા થતાં ચોવીસ કલાક દરમિયાન ન્યુનતમ તાપમાન ૧૭.૫ ડીગ્રીએ પહોંચ્યું હતું.

આથી લોકોએ ઠંડીમાં રાહત મળી હતી. મહતમ તાપમાનો પારો ૨૯.૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૩.૭ કિમિ રહી હતી.

જો કે, રવિવારે લઘુત્તમ તાપમાનમાં ૨.૫ ડિગ્રીનો વધારો થતાં ૧૬.૫ ડિગ્રી નોંધાયું હતું. આથી લોકોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. મહત્તમ તાપમાનમાં ૦.૩ ડિગ્રીનો આંશિક ઘટાડો થતાં ૨૯.૫ ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯ ટકા ઘટીને ૬૫ ટકા રહ્યું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૩.૭ કિ.મી.ની રહેવા પામી હતી. તાપમાનમાં સતત વધારા-ઘટાડાના કારણે હજુ પણ મિશ્ર ઋતુનો અનુભવ લોકો કરી રહ્યા છે.



જ્યારે અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીમાં વધારો થવાના બદલે ઉતરોતર ઠંડીમાં ઘટાડો જોવા મળી રહયો છે. ત્રણ દિવસ પહેલાં અમરેલીમાં લઘુતમ તાપમાન ૧૩.૪ નોંધાયું હતું. જેમાં આજે ૪ ડિગ્રી જેટલું તાપમાન વધ્યું છે.

અમરેલી આજે મહતમ તાપમાન ૩૧.૪, જ્યારે લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું હતું. ભેજનું પ્રમાણ ૬૮ ટકા જ્યારે પવનની ગતિ ૪.૮ કી.મી. નોંધાય હતી. હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદ, અમરેલી,અરવલ્લી, બોટાદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, જામનગર, નર્મદા, વડોદરા, રાજકોટ સહિતના જિલ્લાઓમાં ૧૭ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી શક્યતા છે. સુરેન્દ્રનગર, સાબરકાંઠા, પાટણ, પંચમહાલ, મોરબી, મહેસાણા, કચ્છ, ખેડા, જુનાગઢ સહિતના જિલ્લાઓમાં ૧૬ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી શક્યતા છે. આ ઉપરાંત તાપી, ભરૂચ સહિતના જિલ્લાઓમાં ૧૮ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી શક્યતા છે.

# ૨૫ નવેમ્બર મહિલાઓ સામેની હિંસા નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

## મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ અભયમ હેલ્પલાઈન, સખી વન સ્ટોપ સેન્ટર, મહિલા સહાયતા કેન્દ્ર, નારી અદાલત સહિતની યોજના થકી કટિબદ્ધ ગુજરાત સરકાર

**આલેખનઃ રિધ્ધિ ત્રિવેદી**

દર વર્ષે મહિલા દિવસ પર મહિલાઓના આત્મવિશ્વાસમાં વધારો કરવા અને તેમને પ્રોત્સાહિત કરવા વિવિધ કાર્યક્રમો યોજી જુદી જુદી પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેથી મહિલાઓ પોતાનામાં રહેલી ખૂબીઓને બહાર લાવી આત્મનિર્ભર બની શકે અને સમાજમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે. આમ, છતાં પણ વિશ્વભરમાં મહિલાઓ વિવિધ હિંસાનો ભોગ બનતી રહે છે. આ દુષણને ડામવા યુનાઈટેડ નેશન્સે ૨૫ નવેમ્બરના રોજ મહિલાઓ સામેની હિંસા નાબુદીનો દિવસ તરીકે આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે નિયુક્ત કર્યો છે. મહિલાઓ ઘર, સમાજ, કાર્યસ્થળ પર જાતીય અને માનસિક સતામણી, ઓનલાઈન માધ્યમો, શાળા, કોલેજ, જાહેર સ્થળો પર જુદી જુદી હિંસાનો ભોગ બનતી હોય છે. વિશ્વના દેશોમાં લોકશાહી હોય, રાજાશાહી હોય કે સરમુખત્યારશાહી શાસન હોય મહિલાઓ સામે હિંસા, અપરાધો અને માનવ અધિકારોના ઉલ્લંઘનના કિસ્સાઓ દરેક જગ્યાએ જોવા મળે છે. આ દિવસે વિશ્વભરના દેશોમાં મહિલાઓને જાગૃત કરવા વિવિધ કેમ્પેઈનનું આયોજન કરવામાં આવે છે. જે અન્વયે મહિલાઓને પોતાની સુરક્ષા માટે સેલ્ફ ડિફેન્સની તાલીમ, મહિલાઓ પર થતી હિંસાઓ




વિરુદ્ધના કાયદાઓ અને મહિલાઓ શિક્ષણનુ મહત્વ સમજે તે માટે જુદા જુદા જાગૃતિ કાર્યક્રમો થશે.

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યની મહિલાઓ સુરક્ષિત રહે તે માટે મહિલાલક્ષી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, સખી વન સ્ટોપ સેન્ટર, મહિલા સહાયતા કેન્દ્ર, નારી સંરક્ષણ ગૃહ, નારી અદાલત સહિતની યોજનાઓ અમલીકૃત છે. જે મહિલા પર થતી હિંસા અને માનસિક ત્રાસ સંદર્ભે કેસોનું નિરાકરણ કરીને મહિલાઓને જીવન જીવવાની નવી દિશા બતાવે છે.

# ભૂલી પડેલી બાળકીને પરિવાર પાસે સુરક્ષિત પહોંચાડતી રાજકોટ ૧૮૧ અભયમ મહિલા હેલપલાઈન ટીમ

## રાજકોટ ૧૮૧ અભયમ મહિલા હેલપલાઇન ટીમની સુજબુજથી એક શ્રમિક પરીવારની ભૂલી પડેલ પાંચ વર્ષ ની બાળકીનું તેમનાં પરિવાર સાથે સુખઃદ મિલન કરાવ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સીટી વિસ્તારમાંથી એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧અભયમ મહિલા હેલ્પલાઇનમાં ફોન કરી જણાવેલ કે ૫ વર્ષ ની એક અજાણી બાળકી મળી આવેલ છે બાળકીને ક્યાં જવું છે પૂછ્યું છતા કશું કહેતી નથી અને ખુબજ ગભરાઈ ગયેલ છે તેથી ૧૮૧ ની મદદ ની જરૂર છે

૧૮૧ ના કાઉન્સેલર વૈશાલી ચૌહાણ ઘટના સ્થળે અજાણી બાળકીની મદદ માટે પહોંચેલ.આજુબાજુના લોકોએ બાળકીને એક સુરક્ષિત જગ્યાએ બેસાડેલ હતી.ત્યાં ના આજુબાજુના લોકો બાળકીઓ ને ઓળખતા ન હતા. જાગૃત નાગરિકનું કાઉન્સિલિંગ કરેલ જેમાં તેમણે જણાવેલ આ બાળકી અહીં તેની માતાની શોધખોળ કરે છે બાળકી ને તેનું નામ અને માતા પિતા નું નામ યાદ હતું અને બાળકી ડરેલી હોવાથી બોલવામાં ગભરાતી હતી જેમાં બાળકી રડતી હોવાથી બાળકી ને શાંત કરેલ અને સાંત્વના અપેલ અને બાળકી ને પાણી પીવડાવી નાસ્તો કરાવેલ...ત્યાર બાદ બાળકી પાસે થી તેના વિશે જાણવા નો પ્રયત્ન કરેલ જેમાં બાળકી એ તેમનું નામ જણાવેલ અને તે રૂમ પર રહે છે. તેમ તેના માતા-પિતા અહી કામ કરવા આવેલાં છે. બાળકી હિન્દી ભાષા માં વાત કરેલ ત્યાર બાદ બાળકી ને લઈ ને આસપાસ ના કારખાના પર ગયેલ જેમાં બાળકી ને કોઈ ઓળખતું ન હોય કે બાળકી કોઈ ને ઓળખતી ના હોય ત્યાર બાદ બાળકી ને તેના ઘર ની પાસે માં એક




દુકાન છે તે દુકાન નું નામ અને દુકાનદાર નું નામ યાદ આવેલ. તેથી આજુ બાજુના ની સોસાયટી માં બાળકી ની પૂછપરછ કરેલ. ત્યાં બાળકીની બહેન બહાર રમતી હતી તેથી બાળકી તેની બહેનને ઓળખી ગયલ. બાળકીની બહેન પાસે થી બાળકીના પિતા નો મોબાઈલ નંબર મેળવેલ. બાળકે ના પિતાએ જણાવેલ કે તેઓ યુ.પી.ના વતની છે અને યુ.પી. ગયેલા છે. બાળકીના પિતા મારફતે બાળકી ના માતા નો સંપર્ક કરેલ. બાળકીના માતાએ જણાવેલ કે તેઓ હોસ્પિટલમાં તેમના સંબંધિને દાખલ કરેલ છે.તેથી હોસ્પિટલ છે.ત્યારબાદ બાળકીના અને તેમના માતા - પિતાના આધાર પુરાવા અને ફોટાઓ મેળવી તેમના માતા ને યોગ્ય સલાહસૂચન, માર્ગદર્શન આપી.બાળકી નું ધ્યાન રાખવાનું જણાવી બાળકીનો કબજો તેમની માતાઓ ને સોંપેલ ત્યારે બાળકીઓની માતાઓ ભાવુક થઈને ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ફ્રેન્ડશિપ મામલે યુવાન પર છરી અને પાઈપથી જીવલેણ હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઘંટેશ્વર ગામ ચોકડી પાસે લોહિયાળ મારામારીનો બનાવ સામે આવ્યો છે. ફ્રેન્ડશીપ મામલે યુવાન પર છરી અને પાઈપથી જીવલેણ હુમલો કરી પૂર્વ ફ્રેન્ડના પ્રેમીએ હત્યાનો પ્રયાસ કરતાં યુવાનને બેભાન હાલતમાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે યુનિ. પોલીસે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને સકાંજામાં લેવાં ચક્રો ગતિમાન કર્યા હતાં. બનાવમાં યુવાનને પાઈપના ઘા માથામાં ઝીંકતા હેમરેજ થઈ ગયું, છતાં છરીના ઘા ઝીંકી આંગળી કાપી નાંખી હતી.

બનાવ અંગે ઘંટેશ્વર પાર્ક એસ.આર.પી. કેમ્પ ગ્રુપ ૧૩ માં રહેતા રોહન ખેતાભાઈ બારૈયા (ઉ.વ.૨૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પ્રકાશ ઉર્ફે જેનિશ સુદર્શન સોલંકી (રહે. જિલ્લા ગાર્ડન ચોક પાસે) નું નામ આપતાં યુનિવર્સિટી પોલીસે હત્યાના પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે તેમના ફઈ શાંતીબેન બાબરીયા અને તેમની બે પુત્રીઓ અને તેમની બે સગી બહેનો સાથે રહે છે. તે લગ્ન પ્રસંગોમાં ડેકોરેશનનું કામ કરે છે. તેમના માતા પિતા ઉનાના ખાણ ગામે રહે છે. અઢી વર્ષ પહેલા તેમને એક યુવતી સાથે ફ્રેન્ડશીપ હતી. જે છેલ્લા દોઢ વર્ષથી મૂકી દીધેલ અને ગઈ દિવાળીના બીજા દિવસે બેસતા વર્ષના દિવસે તે તેમના મિત્રો સાથે અટલ સરોવરમાં બપોરે ફોટા પાડી આવતા હતા ત્યારે રૈયાધાર તરફ જતા રોડ ઉપર તેમની પહેલાની ફ્રેન્ડ તેના ફ્રેન્ડ પ્રકાશ ઉર્ફે જૈનીશ સોલંકી સાથે ઉભી હતી.દરમિયાન ફરિયાદી ગાડીમાંથી નીચે ઉતર્યો ત્યારે પ્રકાશ ઉર્ફે જેનીશે કહેલ કે, આ યુવતી સાથે સંબંધ રાખતો નહીં નહિતર તને પતાવી દેવો પડશે તેવી ધમકી આપેલી હતી.જેથી તે ત્યાંથી જતો રહેલો હતો. ત્યારબાદ તે યુવતીના મેસેજ આવતા કે, તું મારી શું વાત કરે છે, પરંતુ તે કંઈ જવાબ આપતો નહીં. બાદમાં ગઈકાલે સાંજના સાતેક વાગ્યે તે વર્ધમાનનગરમાં આવેલું ગોડાઉન બંધ કરી નીકળી ઘંટેશ્વર ગામ ચોકડી પાસેથી એસ.આર.પી. કેમ્પ તરફ જતા રસ્તા ઉપર મોમાઈ હોટેલ પાસે પંચર વાળાની બાજુમાં ખુલ્લી જગ્યામાં બાથરૂમ કરવા ઉભો રહેલો ત્યારે પાછળથી ધસી આવેલા પ્રકાશ ઉર્ફે જેનીશે લોખંડના પાઈપથી જીવલેણ હુમલો કરી માથાના ભાગે ઘા ઝીંક્યા હતાં. જેથી યુવાનને ચક્કર આવતા પડી ગયેલો હતો.



બાદમાં તે ઉભો થઈ ભાગવા જતા આરોપીએ તેની પાસે રહેલ પાઈપથી શરીર ઉપર આડેધડ ઘા ઝીંકવા લાગેલ હતો. ઉપરાંત તેની પાસે રહેલ છરીના ઘા પણ ઝીંકી દેતાં આંગળી કપાઈ ગયેલ અને લોહી નીકળવા લાગ્યું હતું. તેમજ પ્રકાશ ઉર્ફે જેનીશે ગાળો આપી કહેલ કે, આજે તો તને પતાવી દેવો છે, જેથી યુવાન બચવા માટે ત્યાંથી ભાગીને બાજુમાં આવેલી મોમાઈ હોટેલ ગયેલો અને ત્યાં હોટલવાળા મિતેશભાઈને બનાવની વાત કરેલી હતી. દરમિયાન યુવાનના પરિવારજનો આવી જતાં તેમને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડેલ હતો. આરોપીએ કરેલ હુમલામાં યુવાનને ફ્રેક્ચર અને હેમરેજ થઈ ગયેલ હતું.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિ.પોલીસે ગુનો નોંધી પીઆઈ એમ.જે.વસાવા અને ટીમે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ટ્રકમાં ફેલ્સપાર પાવડરની બોરીની આડમાં છુપાવેલ લાખોનો દારૂના જથ્થા સાથે બે ઈસમો ઝડપાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ટ્રકમાં ફેલ્સપાર પાવડરની બોરીની આડમાં છુપાવી લાખોનો દારૂનો જથ્થો લઈ જતા ટ્રકને ઝડપી લઈને રાજકોટ એલસીબી ટીમે દારૂનો જથ્થો અને ટ્રક સહીત ૩૩ લાખથી વધુના મુદામાલ સાથે બે ઈસમોને ઝડપી લીધા છે

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૧ સજનસિંહ પરમારની સુચનાથી રાજકોટ સીટી ઝોન ૧ એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હોય દરમીયાન અમદાવાદ રાજકોટ હાઈવે પર દારૂ ભરેલ ટ્રક પસાર થવાની બાતમી મળતા ટીમે કુવાડવા રોડ પર વોચ ગોઠવી હતી અને હાઈવે પર ક્રિષ્ના વોટર પાર્ક સામે ટ્રકને



આંતરી લઈને તલાશી લેતા દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો

ટ્રકમાંથી રોયલ ચેલેન્જ વ્હીસ્કી બોટલ નંગ ૯૩૬ કીમત રૂ ૬,૫૧,૪૫૬ રોયલ સ્ટગ વ્હીસ્કી બોટલ નંગ ૨૦૫૨ કીમત રૂ ૧૩,૮૦,૯૯૬ મેકડોવેલ્સ વ્હીસ્કી બોટલ ૪૬૮ કીમત રૂ ૨,૬૨,૫૪૮ અને બે મોબાઈલ કીમત રૂ ૧૦ હજાર અને ટ્રક જીજે ૨૫ યુ ૫૩૮૨ કીમત રૂ ૧૦ લાખ સહીત કુલ રૂ ૩૩,૦૫,૦૦૦ નો મુદામાલ જપ્ત કરી આરોપી હીરાભાઈ સાવધારિયા અને નાથાભાઈ સાવધારિયા રહે બંને ભાણવડ વાળાને ઝડપી લીધા છે તો આરોપી જયંતી રાઘવ ચૌહાણ રહે નવાગામ રાજકોટ વાળો નાસી ગયો હતો

જે કામગીરીમાં એલસીબી પીએસઆઈ બી વી બોરીસાગર, ભરતભાઈ વાઘેલા, વિજેન્દ્રસિંહ ઝાલા, જીતુભા ઝાલા, મનરૂપગીરી ગૌસ્વામી, ધર્મરાજસિંહ જાડેજા, રવિરાજભાઈ પટગીર, સત્યજીતસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા સહિતની એલસીબી ઝોન ૧ રાજકોટ શહેર ટીમ જોડાયેલ હતી.

# રાજકોટમાં નિકાહ મુદે થયેલા હુમલામાં ઘવાયેલી ત્યક્તાએ સારવારમાં દમ તોડયોઃ બનાવ હત્યામાં પલટાયો

## દસ દિવસ પૂર્વે ત્યક્તા ઉપર પૂર્વ જેઠના પુત્ર અને જમાઈ સહીતની ત્રિપુટીએ છરી વડે હુમલો કર્યો તોઃ હત્યાની કલમ ઉમેરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં કુવાડવા રોડ પર શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં ૩૧ વર્ષિય ત્યક્તા પર દસ દિવસ પૂર્વે તેના પૂર્વ જેઠના પુત્ર અને જમાઈ સહીતના ત્રણ શખસોએ છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. જેથી મહિલાને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવી હતી. મહિલાએ ગઈકાલે સારવારમાં દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો. જેથી આ મામલે બી ડિવિઝન પોલીસે ત્રણેય આરોપીઓ સામે હત્યાની કલમનો ઉમેરો કર્યો હતો. મળતી માહિતી મુજબ કુવાડવા રોડ પાસે શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં રહેતી રેશ્માબેન યુનુસભાઈ બેલીમ નામની ત્યક્તા ગત તા.૧૪-૧૧ના પોતાના ઘરે હતી.ત્યારે તેના પૂર્વે જેઠ



મહેબૂબભાઈનો પુત્ર ટીપું. મહેબૂબભાઈનો જમાઈ સોહિલ અને એક અજાણ્યા શખસે છરી વડે રેશ્માબેન પર જીવલેણ હુમલો કર્યો હતો.જેથી તેઓને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.અને તે સમયે રેશ્માબેન ભાણેજ શોહેબભાઈ બોદુભાઈ સોલંકીએ ત્રિપુટી વિરુદ્ધ ગુને નોંધાવતા પોલીસે ગુનો નોંધી તેઓની ધરપકડ કરી હતી. શોહેબભાઈએ હુમલાનું કારણ જણાવ્યું હતું કે, મારા માસી રેશમાબેનના લગ્ન વર્ષ ૨૦૦૫ માં થયેલ અને દોઢેક વર્ષ પહેલાં તેમનું તેમનાં પતી આરીફ સમા સાથે છૂટા છેડા થયેલ હતા.રેશ્માબેન અગાઉ તેમનાં પતી સાથે રામનાથપરા હુસેની ચોક અલ્કાબા મસ્જીદિની સામે રહેતા હતા. તે વખતે તેમનાં કૌટુંબીક જેઠ મહેબુબ સમા તેમની પડોશમાં રહેતા હોય અને રેશ્માબેનનું છુટુ થયુ બાદ તેમનાં કૌટુંબીક જેઠ મહેબુબને નીકાહ કરવા હતા. પરંતુ મહેબુબ રેશ્માબેનનાં સંતાનોને સ્વીકારવા તૈયાર ન હતો. આ બાબતે બંને વચ્ચે અવાર નવાર ઝગડા થતા હતા. જે બાદ રેશ્માબેને તેમની સાથે નિકાહ નહીં કરવાનું નક્કી કર્યુ હતું. જેથી મહેબુબ ખાર રાખી અવાર નવાર રેશ્માબેનને ધમકીઓ આપતો અને લગ્ન કરવા દબાણ કરતો હતો.જે વાતનો ખાર રાખીને તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો.અને રેશ્માબેનનું સારવારમાં મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો.અને બી ડિવિઝન પોલીસ દ્વારા હત્યાની કલમનો ઉમેરો કરી વધુ કાર્યવાહી કરી છે. તેમની હાલત નાજુક હતી. પીઆઈ એસ. એસ. રાણે, રાઈટર હીરાભાઈ રબારીએ હત્યાની કોશિષનો ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી..સોયેબે વધુમાં જણાવ્યું હતું કે રાતે માસી રેશ્માબેનનો ઘરનો દરવાજો બંધ હતો. હુમલાખોરે ત્યાં પહોંચી ફોન કરી દરવાજો ખોલાવ્યો હતો અને ઓચીંતો જ હુમલો કરી દીધો હતો. હત્યાના બનાવથી પરિવારમાં માતમ છવાઈ ગયો છે. આ ઘટનામાં બી ડિવિઝન પોલીસે ૪ આરોપીઓને પકડી લીધા હતા એક આરોપી હજુ ફરાર છે.

# રાજકોટ ઈકોનોમિક ઓફેન્સ વિંગના PI કૈલાની લિવ રિઝર્વમાં અને કોન્સ્ટેબલની હેડ ક્વાર્ટરમાં બદલી

## કારખાનેદારની કાર બારોબાર શો રૂમમાંથી લઈ લીધાની હાઈકોર્ટમાં પહોંચેલી ફરિયાદ કારણભૂત હોવાની ચર્ચા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) ના પીઆઈ જે.એમ. કૈલાને લીવ રિઝર્વમાં મુકાયા છે અને કોન્સ્ટેબલ જગદીશ વાંકની પોલીસ હેડ ક્વાર્ટરમાં બદલી કરવામાં આવી છે. ચર્ચા મૂજબ કારખાનેદારની કિંમતી ઓડી કાર પૈસાની લેવડ દેવડના એક કેસમાં EOWની ટીમ લઈ આવી હતી. જે મામલે ફરિયાદીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે મામલે PI ને ૨૬ નવેમ્બર એટલે કે મંગળવારે હાજર રહેવા હાઈકોર્ટે હૂકમ કરેલો છે. જે પહેલા જ કડક પગલા લેવામાં આવ્યા છે. ચર્ચાતી વિગતો મુજબ એક કારખાનેદારની કિંમતી ઓડી કાર શો રૂમમાંથી બારોબાર EOWની ટીમ લઈ આવી હતી. જે મામલો હાઈકોર્ટ સુધી પહોચ્યો હતો. અત્યારે પોલીસ અને ફરિયાદી વચ્ચે સમાધાન થઈ ગયુ હોવાનુ જાણવા મળી રહ્યું છે. પરંતુ તારીખ ૨૬ના રોજ આ ફરિયાદ સંદર્ભે હાઈકોર્ટમાં સુનાવણી હોવાથી હાઈકોર્ટ કોઈ આકરૂ પગલુ ભરે તે પહેલા સ્થાનિક લેવલે પીઆઈ અને કોન્સ્ટેબલ સામે પગલા લેવાયા હોવાની ચર્ચા છે. અત્યારે ચાર્જ એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાને સોંપવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, રાજકોટના એક અરજદારે અગાઉ હાઈકોર્ટમાં અરજી કરી હતી કે પૈસાની લેવડ દેવડના એક કેસમાં તેને રાજકોટ ઉઈઈ પોલીસ મથકે બોલાવવામાં આવ્યો હતો. જ્યાં તેની સામે ફરિયાદ મળી છે તેમ જણાવવામાં આવ્યું હતું. તેને કલાકો બેસાડી રાખ્યા બાદ ફરિયાદીઓ આવ્યા હતા. જેમને અરજદારે ૨૩ લાખ રૂપિયા ચૂકવવાના છે તેમ પોલીસે જણાવ્યું હતું. અરજદારે વધુમાં પોતાની અરજીમાં જણાવ્યું હતુ કે, DCB ના એ તેને રિવોલ્વર બતાવીને ધમકી આપી હતી. તેમજ ૦૨ લાખ રૂપિયા માંગ્યા હતા. જો કે તેને ૧.૫ લાખની વ્યવસ્થા કરી દીધી હતી.

તેને PI ની હાજરીમાં હેડ કોન્સ્ટેબલને ૧.૫ લાખ રૂપિયા આપ્યા હતા. અરજદારની ઓડી ગાડી જે રિપેર માટે શો રૂમમાં આપી હતી. ત્યાંથી ઓડી ગાડી પણ તેને સાથે લઈ જઈને સામા પક્ષકારને આપી દેવાઈ હતી.સામા પક્ષે કોઈ FIR નોંધાવવમાં આવી ન હતી. આ ઘટના સંદર્ભે અરજદારે રાજકોટ શહેર પોલીસ કમિશનર, ગૃહ વિભાગ અને હ્યુમન રાઈટ કમિશનને રજૂઆત કરી હોવા છતાં કોઈ પગલાં લેવાયા ન હતા. એટલું જ નહિ એક કાગળ ઉપર અરજદારની જબરદસ્તી સહી લેવામાં આવી હતી. અરજદારના વકીલની રજૂઆત ઉપર હાઈકોર્ટે ઘટના સ્થળ સંદર્ભના CCTV સાચવીને કોર્ટ સમક્ષ રજૂ કરવા, તેમજ રાજકોટ EOW ના સંબંધિત ર્ક્ઈ ને ૨૬ નવેમ્બરે કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેવા અને રાજકોટ EOWને એફિડેવિટ કરવા હુકમ કર્યો હતો.

# રાજકોટના ચાંદીના દાગીનાના વેપારીની પેઢીનું ફેક ID બનાવી મુંબઈના વેપારી સાથે કરી ૭.૬૪ લાખની ઠગાઈ

## દાગીનાનો ઓર્ડર લઈ એડવાન્સ પેમેન્ટના નામે પૈસા પડાવ્યાની સાયબર પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રણછોડનગર પર આવેલી પ્રેમ સિલ્વર ઓર્નામેન્ટ્સ નામની દાગીનાની પેઢી ચાવતા વેપારીની પેઢીનું એક શખ્સ દ્વારા ફેસબુકમાં ફેક એકાઉન્ટ બનાવી મુંબઈના વેપારીનો સંપર્ક કરી તેમની પાસે દાગીનાનો ઓર્ડર લઈ એડવાન્સમાં રૂ.૭.૬૪ લાખની છેતરપિંડી કરતા સાયબર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ શહેરમાં એરપોર્ટ રોડ પર સંકલ્પ સિદ્ધિ પાર્કમાં રહેતા અને રણછોડનગર શેરી નંબર-૧૧માં પ્રેમ સિલ્વર ઓર્નામેન્ટ્સ દાગીનાની પેઢી ચાવતા ચંદ્રકાંતભાઈ ડુંગરશીભાઈ સચાણીયાએ સાયબર પોલીસમાં



નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં સતંકબીર રોડ પર રહેતા જલ્પેશ જેરામભાઈ નારીયાણીનું નામ આપતા જણાવ્યું હતું કે, આરોપીએ તેઓની પેઢીનું ફેસબુકમાં ફેક એકાઉન્ટ બનાવ્યું હતું. અને મુંબઈમાં શાંતિ ગોલ્ડ નામે વેપાર કરતા વેપારીનો સંપર્ક કરીને તેમને દાગીના બનાવી આપવાનું કહી તેમની પેઢીના નામના નકલી બિલ બનાવી વેપારી પાસેથી એડવાન્સમાં રૂ.૭.૬૪ લાખ લીધા હતા. બાદમાં દાગીના પણ આપવામાં આવ્યા ન હતા. જેથી આરોપીએ વેપારીની પેઢીનું નકલી એકાઉન્ટ બનાવી મુંબઈના વેપારી સાથે ઠગાઈ કરી તેમની પેઢીને બદનામ કરતા સાયબર પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. જયારે આ છેતરપિંડીમાં અન્ય બે લોકોની પણ સંડોવણી હોવાનું માલુમ પડતા પોલીસે જલ્પેશની વધુ પૂછતાછ કરી છે.

# ઘર પાસે બેઠેલો ૧૧ વર્ષનો બાળક અચાનક ઢળી પડ્યો, હાર્ટફેઈલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હાર્ટએટેકથી મૃત્યુના કિસ્સા સતત વધી રહ્યા છે ત્યારે રવિવારે સવારે વિજય પ્લોટમાં બનેલી ઘટના સૌ કોઈની કલ્પનાની બહાર હતી. ૧૧ વર્ષના બાળકનું હાર્ટફેઈલ થઈ ગયું હતું. વહાલસોયા પુત્રએ ઓચિંતા હંમેશા માટે વિદાય લેતા પરિવારજનોએ કરેલા આક્રંદથી ગમગીની છવાઈ ગઈ હતી.



શહેરના ગોંડલ રોડ પરના વિજય પ્લોટમાં રહેતો દેવરાજ કનકભાઈ કારેલિયા (ઉ.વ.૧૧) રવિવારે સવારે સાડા આઠેક વાગ્યે પોતાના ઘરની બહાર અન્ય બાળકો સાથે બેઠો હતો ત્યારે અચાનક જ ફૂલ જેવો દેવરાજ ઢળી પડ્યો હતો. માસૂમ દેવરાજને વિદ્યાનગર મેઈન રોડ પર આવેલી ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો, પરંતુ તેનું મૃત્યુ થયું હતું. કનકભાઈ કારેલિયાએ દિવ્ય ભાસ્કર સાથે વાતચીતમાં કહ્યું હતું કે, તેમને સંતાનમાં બે પુત્ર છે જેમાં દેવરાજ મોટો હતો અને તે જસાણી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ધોરણ ૬માં અભ્યાસ કરતો હતો. પુત્ર બેભાન થયાની જાણ થતાં જ પોતે દોડી ગયા હતા અને છાતીમાં પમ્પિંગ કરી બચાવવાનો પ્રયાસ કર્યો હતો, સાથે સાથે વાહનમાં સુવડાવી પુત્રને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં પણ તબીબોએ પમ્પિંગ કર્યું હતું અને વેન્ટિલેટર પર રાખી એકાદ કલાક સુધી પ્રયાસ કર્યા હતા, પરંતુ દેવરાજને બચાવી શક્યા નહોતા. દેવરાજનું હાર્ટએટેકથી મૃત્યુ થયાનું કનકભાઈએ કહ્યું હતું.

# મરવા મજબુર કરવાના ગુનામાં આરોપીની જામીન અરજી નામંજુર

## વેવાઈને આપેલું સોનું પરત માંગતા આપવામાં આવેલા ત્રાસથી પ્રૌઢે આપઘાત કર્યો’તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં રહેતા જેંતીલાલ કારેલા નામના પ્રૌઢે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો આ બનાવવામાં પોલીસે મૃતકના પુત્ર સંદિપ કારેણાની ફરિયાદ પરથી જયંતિભાઈ રાજાભાઈ નનેરા સહિત શખ્સો સામે આપઘાતની ફરજ પાડવાની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક જેન્તીભાઈ કારેલાના પુત્ર સંદીપના છ વર્ષ પૂર્વે પરબતભાઈ પીપરોતરની પુત્રી સાથે લગ્ન થયા હતા. બાદ વેવાઈ પરબતભાઈ પિપરોતરને ધંધામાં આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા વેવાઈ જયંતીભાઈ કારેલાએ ૧૦ તોલા ઘરેણા આપ્યા હતા. જે ઘરેણાની ઉઘરાણી કરતા વેવાય પક્ષ દ્વારા ધમકી આપી તારા પુત્રને કોઈ





દીકરી આપે તેમ નથી અમારી પુત્રીને પાછી લઈ જશુ તેમ કહેતા જેન્તીભાઈ કારેલાએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. જે કેસમાં જયંતિભાઈ નનેરાની ધરપકડ કરી હતી. જેલ હવાલે રહેલા જયંતિભાઈ નનેરાએ જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી. જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એપીપી સ્મિતાબેન અત્રી હાજર રહી દલીલો કરેલ કે ઉપરોક્ત આરોપી અને અન્ય આરોપીઓના ત્રાસના કારણે જ મરણજનારે ઝેરી દવા પી આપઘાત કરેલો છે. સારવાર દરમ્યાન મરણજનારનુ ડી.ડી. અને સ્યુસાઈડ નોટમાં આરોપીઓના નામનો ઉલ્લેખ કરેલ છે. જેથી પ્રથમ દર્શનીય ગુનો છે. ઉપરોક્ત બનાવની હકીકત, રજુ થયેલા પોલીસ પેપર્સ અને તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું અને સરકારી વકીલ સિસ્મિતાબેન અત્રિની દલીલો ધ્યાને લઈ સેશન્સ કોર્ટે જયંતિભાઈ રાજાભાઈ નનેરાની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરી છે. આ કેસમાં સરકાર પક્ષે મદદનીશ સરકારી વકીલ સ્મિતાબેન અત્રી રોકાયા હતા.

# પાણીની મોટર કાઢવા મામલે મારામારી થયાં બાદ ખેડૂતનું અપહરણ કરી હિચકારો હુમલો

## ભાડલા પોલીસે સામસામી ફરીયાદ પરથી ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જસદણના પારેવાળામાં બઘડાટી થયાં બાદ ખેડૂતનું અપહરણ કરી હિંચકારો હુમલો કરતાં ભાડલા પોલીસે સામસામી ફરીયાદ પરથી ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પાણીની મોટર કાઢવા મામલે મારામારી થયાનું સામે આવ્યું હતું.

બનાવ અંગે જસદણના કમળાપુર ચોકડી પાસે રહેતાં રત્નાભાઈ વેલાભાઈ વાંઘાણી (ઉ.વ ૬૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ધર્મેશ લાખા ગઢવી (રહે. પારેવાળા, જસદણ) નું નામ આપતાં ભાડલા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે અને સંતાનમા બે દિકરા છે. ગઈકાલે સવારના સમયે તેમના મોબાઈલ પર ફોન આવેલ કે, પારેવાળા ગામથી લાખા ગઢવીનો દિકરો ધર્મેશ બોલુ છુ, મારે વાડીએ બોરમાથી ઈલેટ્રીક પાણીની મોટર બહાર કાઢવાની છે, તેમ વાત કરતા તેને કહેલ કે, હુ સાડા નવ પછી આવુ છુ. તેઓ ટ્રેકટર સાથે મોટર કાઢવની ઘોડી લઈ પારેવાળા ગામે ગયેલ અને ત્યા ધર્મેશને ફોન કરેલ અને કહેલ કે, હુ પારેવાળા આવી ગયેલ છુ, મારે ક્યા આવવાનુ છે, તેમ વાત કરતા તેણે જસદણ રોડ કાઠે મારી વાડી છે ત્યા મારો ભાગીયો છે, ત્યાં જવાનું કહ્યું હતું.

બાદમાં તેઓ તેની વાડી પાસે ગયેલ અને ત્યા અડધો કલાક ઉભો રહેલ, તેમ છતા ભાગીયો આવેલ નહી જેથી ફરી ફોન કરતાં તેનો ભાગીયો આવેલ અને વાડીના બીજા શેઢે લઈ ગયેલ હતો. દરમિયાન ધર્મેશ ધસી આવેલ અને કહેવા લાગેલ કે, તુ થોડી વાર રહી શકતો નથી, તારે વધારે ઉતાવળ હોય તો જતો રહે તેમ કહી ગાળો બોલવા લાગેલ અને ફડાકા ઝીંકી ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. તેમજ બોરની બાજુમા પડેલ લાકડાનો ધોકો લઈ બે ઘા ઝીંકેલ હતો. જેથી તેને સમજાવેલ કે, મારી સાથે માથાકુટ ન કરો હું અહી ટ્રેકટર લઈને આવેલ છુ, તેનુ ભાડુ મને આપો જેથી હું જતો રહો, ધર્મેશ કહેવા લાગેલ કે, ભાડુ આપવુ નથી તારે જ્યાં જાવુ હોય ત્યા જા તેમ કહેલ જેથી તેઓ ટ્રેક્ટર લઈ કમળાપુર ગામે આવી ગયેલ હતાં.

જ્યારે સામાપક્ષે જસદણના પારેવાળા ગામે રહેતાં લાખાભાઈ રામભાઈ આલગા (ઉ.વ.૭૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રત્ના વાઘાણી, બાબુ રત્ના વાઘાણી (રહે. કમળાપુર), વિરમ મોતી રબારી (રહે. પારેવાળા) અને અજાણ્યાં શખ્સોનું નામ આપતાં અપહરણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે. તેમનો પુત્ર ધર્મેશ સાથે આરોપી રત્નાભાઈને વાડીએ ઈલેક્ટ્રિક મોટર કાઢવા બાબતે માથાકૂટ થઈ હતી. જે બાદ આરોપી તેના ઘરે કમળાપુર જઈ અન્ય આરોપી સાથે એક ઈક્કો ગાડી, એક કાર અને ત્રણ-ચાર બાઈકમાં પહેલાં તેઓના ઘરે ધસી ગયાં હતાં અને ધર્મેશ બાબતે પૂછતાછ કર્યા બાદ ત્યાંથી આરોપીઓ વાડીએ ધસી આવ્યાં હતાં.

ફરિયાદી વાડીએ હતાં ત્યારે ધસી આવેલા રત્ના વાઘાણી તેનો પુત્ર



બાબુ વાઘાણી, વિરમ રબારી સહિતના શખ્સોએ તારો પુત્ર ધર્મેશ ક્યાં છે, આજે તેને મારી નાંખવો છે, કહી તેઓને ધોકા-પાઈપથી મારમારવા લાગ્યાં હતાં. બાદમાં તેઓનું અપહરણ કરી ઈક્કો ગાડીમાં બેસાડી આરોપીઓની કમળાપુર ગામે આવેલ વાડીએ લઈ જઈ ઢોર મારમાર્યો હતો અને ધર્મેશને અહીં બોલાવ તેને જાનથી મારી નાંખવો છે કહીં ધમકી આપી હતી.

જે બાદ તેમના પુત્ર ધર્મેશે પોલીસને જાણ કરી દેતાં આરોપીઓએ તેમને ગામમાં મૂકી નાસી છૂટ્યા હતા. બનાવ અંગેની સામસામી ફરીયાદ પરથી ભાડલા પોલીસે ગુનો નોંધી આરોપીનોને પકડવા તજવીજ હાથ ધરી હતી.

# આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફૂટ પેટ્રોલીંગ



પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા સંયુકત પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નર પાર્થરાજસિંહ ગોહીલ (ઝોન-૧) તથા મદદનીશ પોલીસ કમિશ્નર બી.વી.જાધવ (પુર્વ વિભાગ)ના માર્ગદર્શન હેઠળ સાંજે ૫:૩૦ થી ૭:૩૦ વાગ્યા સુધી અમો પોલીસ ઈન્સ્પેકટર એ.બી.જાડેજા તથા પો.સબ.ઈન્સ. જે.જી.રાણા તથા એચ.જે.સોલંકી તથા એ.આર.રાઠોડ તથા વી.એમ.બરાડીયા એમ કુલ-૫ અધિકારીઓ તથા આજીડેમ પોલીસ સ્ટેશનના કુલ-૩૫ પોલીસ કર્મચારીઓ સાથે આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારના માંડા ડુંગર, માનસરોવર પાર્ક, શાક માર્કેટ તથા રવીવારી બજારમાં મેગા ફુટ પેટ્રોલીંગ કયું હતું.